₹ ૧૫/-

## મંત્ર

(અનંતનો શબ્દ)



# પ્રભુ અર્પણ

સપ્ટેમ્બર - ૨૦૧૫

(શ્રી અરવિન્દ અને શ્રી માતાજીની શબ્દસુધા)

## Matter shall reveal the Spirit's face

*Sri Aurobindo*

✻

મંત્ર એવો શબ્દ છે કે જે પોતાની અંદર દેવતાને અથવા દેવતાની શક્તિને ધારણ કરે છે, તેને ચેતનાની અંદર લઈ આવી શકે છે તેમ જ તેને (દેવતાની શક્તિને) તથા તેનાં કાર્યોને ચેતનામાં સુસ્થાપિત કરી શકે છે; ત્યાં (ચેતનામાં) અનંતના આનંદતરંગને, કોઈ નિરપેક્ષ સત્‌તાની શક્તિને જાગ્રત કરી શકે છે. પરા વાણીના ચમત્કારને ચિરસ્થાયી કરી શકે છે.

શ્રી અરવિન્દ

## ॐ શ્રી અરવિન્દ મીરા

મારાં મન, હૃદય અને જીવનને તમારા પ્રકાશ, તમારા પ્રેમ અને તમારી શક્તિ પરત્વે ખુલ્લાં કરો. સર્વ વસ્તુઓમાં મને ઈશ્વરનાં દર્શન થાય એવું કરો.[૧]

---

[૧]આ મંત્ર એક સાધકને શ્રી અરવિન્દે આપ્યો હતો. એ સાધકે માગણી કરી હતી કે શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં નામ સમાવિષ્ટ કરતી ટૂંકી પ્રાર્થના એમને આપવામાં આવે. મંત્ર આપતા શ્રી અરવિન્દે લખી જણાવ્યું હતું :

'મેં તમારે માટે એક ટૂંકી પ્રાર્થના લખી છે. જેમાં નામ મંત્રના રૂપમાં આપવામાં આવ્યાં છે. હું આશા રાખું છું આ પ્રાર્થના તમને તમારી મુશ્કેલી દૂર કરવામાં તેમ જ એક આંતરિક આધાર મેળવવામાં મદદરૂપ થશે.'

# પ્રભુ અર્પણ

(આધ્યાત્મિક વિકાસ, એ જ આપણા પૃથ્વી પરના જીવનનો ખરો હેતુ છે.)

## શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા.

સપ્ટેમ્બર - ૨૦૧૫ વર્ષ : ૦૧ અંક : ૦૯

# અનુક્રમ

## મંત્ર
### (અનંતનો શબ્દ)


| | |
|---|---|
| મંત્રની મીમાંસા | ૦૫ |
| મંત્રનો અભ્યાસ | ૧૨ |
| મંત્ર તરીકે પ્રભુનું નામ | ૧૯ |
| જપ | ૨૪ |
| શ્રી અરવિન્દ રચિત ગાયત્રી | ૨૭ |
| મંત્ર અને પૂર્ણયોગ | ૩૦ |
| અવિનાશી શબ્દ | ૩૭ |
| સફળતાનો મંત્ર | ૪૦ |
| ઉપસંહાર ॐ (આદિમંત્ર) | ૪૨ |

* * *

| | |
|---|---|
| વૃત્ત વિશેષ | ૪૩ |


**સંપાદકીય નોંધ :-** મંત્રના રહસ્યનું ઉદ્‌ઘાટન કરતાં શ્રી અરવિન્દ જણાવે છે : ''મંત્ર, જે ગહનતર આધ્યાત્મિક વાસ્તવિકતાની કાવ્યાત્મક અભિવ્યક્તિ છે, તે ત્યારે જ પ્રકટે છે, જ્યારે કાવ્યાત્મક વાણીની ત્રણ ઉચ્ચોચ્ચ ઉત્કટતા ભેગી થાય અને અભંગપણે એકરૂપ બની રહે. (૧) લયપૂર્ણ ગતિની ઉચ્ચોચ્ચ ઉત્કટતા. (૨) શૈલીમાં શાબ્દિક રૂપ તથા વિચાર-દ્રવ્ય એકસૂત્ર બની ઉચ્ચોચ્ચ ઉત્કટતા ધારણ કરે અને (૩) આત્માના સત્ય-દર્શનની ઉચ્ચોચ્ચ ઉત્કટતા.'' સત્યનું દર્શન થતાં અત્યાનંદ અનુભવી આરાધનાના ભાવ સહિત ઊછળી ઊઠતા આત્માનો આર્ત્ત પોકાર, એ છે મંત્ર. મંત્રનું ગુપ્ત જન્મસ્થાન છે ઊર્ધ્વ આકાશ. અને આત્મા જ્યારે મનના મર્યાદિત ક્ષેત્રમાંથી આરોહણ કરી અનંતની અમર્યાદ દર્શનામાં પ્રવેશ કરે છે ત્યારે તે આ ગુપ્ત જન્મસ્થાનનો સાક્ષી બની રહે છે. એટલે જ, મંત્ર એ ગભીર અર્થયુક્ત સંસ્કૃત શબ્દ કરતાં સવિશેષ મહત્ત્વ ધરાવતી વસ્તુ બની રહે છે. મંત્ર કોઈ પણ ભાષામાં સમુદ્‌ભવી શકે છે. કારણ, એનું પ્રાકટ્ય થાય છે **શાન્તિ**માંથી. એ **શાન્તિ** એવી હોય છે જે અદૃષ્ટના દેહના ગળાના હાર માટે સિતારાઓને ગૂંથી આપતી હોય છે. મંત્રની ગહનતા એના બાહ્ય અર્થ અને વિચારથી પર ધ્વનિ-આંદોલનો સુધી પ્રસરે છે અને પ્રેમ તેમ જ અભીપ્સાની પાંખો પર સવાર થઈને સાંભળનાર વ્યક્તિને સત્યના ધામ પ્રતિ દોરી જાય છે તથા સર્જનના અનેક બુરખાઓ હેઠળ ઢંકાયેલ ઐશ્વર્યનું દર્શન કરાવે છે. પ્રસ્તુત અંકમાં શ્રી અરવિન્દ અને શ્રી માતાજીની મંત્રની અસર ધરાવતી વાણી તથા મંત્રની અસર ઉપજાવતાં એમનાં લખાણોના માધ્યમ દ્વારા મંત્રનાં સત્યોને ઉજાગર કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

# મંત્રની મીમાંસા

### ભૌતિક વિશ્વમાં ધ્વનિની શક્તિ

શબ્દોના ધ્વનિમાં હંમેશાં એક શક્તિ હોય છે, માણસો ધારે છે તેના કરતાં ઘણી વધારે શક્તિ તેમાં છે. તે શક્તિ સારી હોઈ શકે અને ખરાબ પણ હોઈ શકે. તે એવાં આકંપનો સર્જે છે કે જેમની અસર અચૂક પડે છે. તેમાં વિચાર નહિ, પણ ધ્વનિ મહત્ત્વનો છે. વિચારમાં પણ પોતાની આગવી શક્તિ છે, પણ તે તેના પોતાના ક્ષેત્રમાં; જ્યારે ધ્વનિને ભૌતિક જગતમાં શક્તિ છે.

હું ધારું છું કે એક વાર મેં તમને આ વાત સમજાવી છે. દા.ત. મેં તમને કહ્યું હતું કે કશો વિચાર કર્યા સિવાય, તેમને કશું મહત્ત્વ આપ્યા સિવાય, બોલાયેલા શબ્દોનો ઉપયોગ કોઈક બહુ કલ્યાણકારી વસ્તુ માટે થઈ શકે. મેં તમને ''બોન્જુર, તમારો દિવાસ સારી રીતે વીતો'' વિશે વાત કરી હતી, નહિ વારુ ? જ્યારે લોકો એકબીજાને મળે છે અને ''બોન્જુર'' શબ્દ ઉચ્ચારે છે, ત્યારે તેઓ યાંત્રિક રીતે, કોઈ વિચાર વગર જ બોલે છે, પણ જો તમે તે શબ્દમાં સંકલ્પ મૂકો, સારા માણસનો દિવસ સારો વીતો એવી અભીપ્સા મૂકો, તો તેની ખૂબ અસર નીપજે, યાંત્રિક રીતે ''શુભ દિવસ'' ઉચ્ચારાયેલા શબ્દ કરતાં ઘણી વધારે અસર. વિચારમાં તેને માટે સારા દિવસની આશા રાખીને જો તમે 'બોન્જુર' શબ્દ ઉચ્ચારો તો તે વધારે સઘન અને અસરકારક બને છે.

શાપોની બાબતમાં પણ તેવું જ છે. ગુસ્સે થઈને બીજાઓને કહેલા ખરાબ શબ્દોની બાબતમાં પણ તેવું જ છે. તે શબ્દોની અસર થપ્પડ માર્યા કરતાં પણ વધારે ખરાબ થાય છે. બહુ લાગણીપ્રધાન લોકોને તો તેવા શબ્દોથી અપચો અથવા ધ્રુજારી થઈ જાય છે, કારણ કે તમે તે શબ્દમાં એક વિનાશકારી, દુષ્ટ શક્તિ મૂકો છો.

બોલવાની અસર જરૂર પડે જ છે. તેનો મોટો આધાર માણસની આંતર શક્તિ પર રહેલો છે. ચેતના વગરના, નિર્બળ લોકોના શબ્દોની અસર ઝાઝી પડતી નથી, સિવાય કે તેઓ ભૌતિક સાધનોનો ઉપયોગ કરે. જો તમે બળવાન હો, તમારામાં શક્તિશાળી પ્રાણ હોય, તો તમારે તમારી વાણી પર ખૂબ સંયમ રાખવો જોઈએ; નહિ તો તમે અનિચ્છાએ, અજાણતાં, સામા માણસને ખૂબ નુકસાન પહોંચાડો છો. (શ્રી માતૃવાણી ગ્રંથ : ૭ : પૃ. ૩૫૦-૫૧)

***

દરરોજ કેટલા બધા અર્થહીન શબ્દો બોલવામાં આવે છે તે તરફ તમારું ધ્યાન દોરવું જરૂરી લાગતું નથી. સૌ કોઈ એ દૂષણને જાણે છે, જો કે બહુ થોડા એનો ઉપાય કરવાનો વિચાર કરે છે.

પરંતુ એ સિવાય એક બીજી જાતના શબ્દોનો પણ એવો મોટો ભાગ છે જેનો ઉચ્ચાર

બિનજરૂરી રીતે થાય છે. એટલે કે આખા ગામમાં આપણે માટે એક ફળદાયી ઈચ્છા પ્રગટ કરવાનો પ્રસંગ આવે છે ત્યારે આપણે જો એ શબ્દ પાછળ જે વિચાર હોવો જોઈએ તે કેવી રીતે મૂકવો એ જાણતા હોઈએ છીએ તો એક યા બીજો શબ્દ બોલીએ છીએ.

પરંતુ એવા કેટલા બધા પ્રસંગો આવે છે જ્યારે આપણે જે વ્યક્તિઓને ઓળખતા હોઈએ છીએ તેમની આસપાસ એક પ્રકારનું શુભકારી મનોમય વાતાવરણ સ્થાપી શકીએ છીએ અને એ રીતે તેમને સાચી રીતની મદદ કરી શકીએ તેમ હોય છે છતાં આપણે એ તક ગુમાવીએ છીએ. આ નિષ્કાળજીને સુધારીએ તો બહુ ઉપયોગી કામ થાય.

આપણે જો એમ કરવું હોય તો, મોટા ભાગના લોકોમાં જે અસ્પષ્ટ અને અકર્મણ્ય બિનચોકસાઈની અવસ્થા હોય છે તેવી અવસ્થામાં આપણું મન જઈ પડે તેનો ખ્યાલ રાખવો જોઈએ.

આપણે આપણામાંની આ રીતની તંદ્રાવસ્થાને ધીમે ધીમે કરીને ઘટાડી શકીએ છીએ, આપણી જાતને ઉપકૃત કરી શકીએ છીએ, અને એમ કરવા માટે જ્યારે આપણે કોઈ શબ્દ બોલીએ ત્યારે એનો ચોક્કસ શો અર્થ થાય, એનો અર્થવિસ્તાર કેટલો હોઈ શકે એના ઉપર ચિંતન કરવું જોઈએ કે જેથી આપણે એને તેની પૂર્ણ અસરકારકતા અર્પી શકીએ.

આ સંબંધમાં આપણે કહી શકીએ કે શબ્દોની સક્રિય શક્તિ ત્રણ જુદા જુદા સ્રોતોમાંથી આવે છે. એમાંના બે સ્રોત તો શબ્દમાં પોતામાં જ રહેલા હોય છે અને એ શક્તિઓની બૅટરી રૂપે કામ કરી શકે છે. ત્રીજો સ્રોત આપણા સ્વરૂપમાં પડેલો હોય છે. જ્યારે આપણે કોઈ શબ્દનો ઉચ્ચાર કરીએ છીએ ત્યારે એની પાછળ રહેલા ગહન વિચાર પ્રત્યે એ સંપૂર્ણપણે સજાગ હોય છે.

એ તો સ્વાભાવિક છે કે આ ત્રણે કારણો અસરકારક રીતે એકબીજા સાથે જોડાઈ જાય તો એને લઈને શબ્દની શક્તિ ઠીક ઠીક પ્રમાણમાં વધી જાય છે.

(૧) કેટલાક શબ્દો એવા હોય છે કે જેમનામાં રહેલી ભૌતિક જગતમાંની સમ-વાદિતા, વિચારના પોતાના પ્રદેશમાં તેનું જે સૂક્ષ્મ આંદોલન હોય છે તેને અનુરૂપ પૂર્ણ ભૌતિક સ્પંદન સરખી જ હોય છે.

જો આપણે વિચાર અને શબ્દ વચ્ચેના આ સાદૃશ્યનો પૂરતા પૂમાણમાં અને ઝીણવટથી અભ્યાસ કરીશું તો આપણને અમુક પાયાના ધાતુ રૂપ ઉદ્‌ગારો જડી આવશે જે તદ્દન સર્વસામાન્ય વિચારોને પ્રગટ કરતા હોય છે અને મોટા ભાગની બોલવામાં આવતી ભાષાઓમાં એમનો લગભગ એકસરખો અર્થ થતો હોય છે (બોલાતી ભાષાના આ મૂળનો આપણે લેખિત ભાષાઓ સાથે ગોટાળો ન કરવો જોઈએ — એ જુદા પ્રકારની હોય છે અને જુદી રીતની જરૂરિયાતો સંતોષે છે).

(૨) કેટલાક શબ્દો એવા છે જેમનો અમુક સંજોગોમાં ઉપયોગ કરવાનું કાર્ય સૈકાઓથી વપરાશમાં છે અને જે તેમને ઉચ્ચારનાર સર્વ લોકોની મનોમય શક્તિઓ વડે પાણીદાર બનેલા હોય છે. એવા શબ્દો તો ખરે જ શક્તિની સાક્ષાત્ બૅટરીઓ જેવા હોય છે.

(૩) છેવટે, શબ્દો એવા હોય છે જેઓ બોલતાની સાથે જ મૂલ્યવાન બની જાય છે

કારણકે તેમને ઉચ્ચારનારના જીવંત વિચારનું બળ તેની પાછળ હોય છે.

મેં હમણાં જ જે કહ્યું તેનો દાખલો આપવા માટે હું એક ભારે શક્તિશાળી શબ્દને દૃષ્ટાંત તરીકે રજૂ કરું છું, એ શબ્દ છે ओम्. એની પાછળ પેલા ત્રણેય ગુણો આવી રહેલા છે.

એ શબ્દનો ઉપયોગ ભારતમાં સત્ — રૂપ પ્રભુની હાજરીનો નિર્દેશ પ્રગટ કરવા માટે થાય છે. એને ધ્યાન, નિદિધ્યાસન અને બીજી અનેક યોગિક પ્રક્રિયાઓ સાથે મોટા પાયા ઉપર યોજવામાં આવે છે.

ओम् સિવાય બીજો કોઈ એવો શબ્દ નથી જેનો ધ્વનિ આવી શાંતિ, નિર્મળતા અને શાશ્વત ભાવની લાગણી જન્માવે.

વળી, જે વિચારને એ શબ્દ અભિવ્યક્ત કરે છે તેની મનોમય શક્તિઓ વડે એ શબ્દ ભારોભાર ભરેલો છે, કારણકે એ શબ્દનો પ્રયોગ કરનારા લોકોએ એ શક્તિઓનો તેની અંદર સંચય કરેલો છે અને ખાસ કરીને ભારતના લોકો માટે તો એ શબ્દ દ્વારા જે દિવ્ય સત્ત્વનો આવિષ્કાર થાય છે તેનો સંપર્ક સ્થાપી આપનારી ખરી શક્તિ એ શબ્દમાં જ આવી રહેલી ગણાય છે.

અને પૂર્વના લોકોમાં ધાર્મિક માનસ હોવાને લઈને તથા ચિંતન કરવાની ટેવ પડેલી હોઈને, એમનામાં ખરે જ એવા બહુ ઓછા લોકો હોય છે જેઓ આ શબ્દપ્રયોગ, એની પૂર્ણ અસરકારકતા માટે જરૂરી એવી શ્રદ્ધા સિવાય કરે છે.

ચીન દેશમાં એના જેવી જ અસર એક એવા શબ્દ વડે પ્રાપ્ત કરવામાં આવે છે જેનો અર્થ ओम्ના જેવો જ છે અને અવાજ પણ કાંઈક અંશે મળતો આવે છે — એ શબ્દ છે ताओ.

આપણી પાશ્ચિમાત્ય ભાષાઓમાં ભાવ પ્રગટ કરવાની શક્તિ ઓછી હોય છે, જે મૂળ ભાષામાંથી તેઓ પ્રગટ થઈ છે તેના કરતાં તેમનું અત્યારનું સ્વરૂપ બહુ અલગ પડી ગયું છે. પરંતુ ગમે તે શબ્દ હોય, આપણે જો તેને જીવંત અને સક્રિય વિચારથી સંચારિત કરીએ તો આપણને એને તાદૃશ કરવાનું સાધન મળી જાય છે.

આ સિવાય, શબ્દોની એવી રચનાઓ છે જેમનો ઉપયોગ કરીને, સામાન્ય રીતે વપરાય છે તે શબ્દોની શક્તિઓમાં આપણે લાભપ્રદ ઉમેરો કરી શકીએ છીએ.

આ પ્રકારનાં સૂત્રો અથવા મંત્રો કેટલીક પુરાતન શિક્ષાપ્રણાલીઓમાં ઉપયોગમાં લેવામાં આવતાં હતાં. એ શબ્દાર્થમાં તો પ્રણામની લાગણી વ્યક્ત કરનાર રહેતા, પણ જે લોકો એમના વિશે વિચાર કરી શકતા તેમના મુખમાં તો તેમના વડે તદ્દન વિશિષ્ટ ક્રિયાશક્તિ પ્રગટ થતી.

જે શિષ્યો બનતા, જેઓ નવા ચેલા બનીને પ્રથમ પગથિયે પગલું માંડતા તેમને એમ કહેવામાં આવતું : ''સંતુલનની શાંતિ તમારી સાથે રહો.''

જે લોકોએ તેમના આંતરિક અને બાહ્ય વલણ-સતત અને પ્રગતિશીલ વલણ-વડે તેમનામાં રહેલી શુભ ભાવના પુરવાર કરી આપી હોય તેમને કહેવામાં આવતું ''શુભ તત્ત્વની સભરતા તમારી સાથે રહો.''

અને કેટલાક ગુરુઓમાં આ શબ્દ એ અત્યંત ઉચ્ચ કોટિની કક્ષાની શક્તિઓ પ્રગટ કરતો, એ લોકો ખરેખર લાભદાયક વરદાનો આપી શકતા, દાખલા તરીકે, તે લોકોમાં રોગને મટાડી દેવાની શક્તિ આવી રહેતી. (શ્રી માતૃવાણી ગ્રંથ : ૨ : પૃ. ૨૪૧-૨૪૪)

***

પરમ શબ્દ — તે બોલેલી વાણી અથવા શબ્દો નથી. કેટલીક જૂની પ્રણાલિકાઓ છે જે કહે છે, ''પ્રકાશ થાઓ અને પ્રકાશ થયો.'' પરમ શબ્દ (ૐ) મંત્ર છે. પણ તે બિલકુલ અપવાદ છે. જ્યારે આત્મામાં ઉત્પન્ન થયેલી તપઃશક્તિને ભૌતિક સ્તરમાં આવીને સ્થૂલ તત્ત્વ ઉપર કામ કરવું હોય છે ત્યારે તે અવાજનો ઉપયોગ કરે છે — ફક્ત શબ્દનો જ નહીં પણ તેના ધ્વનિનો, ધ્વનિનાં આંદોલનો — તે પછી સીધો પૃથ્વી તત્ત્વ ઉપર કાર્ય કરે છે, સ્થૂલ તત્ત્વમાં તે વિરોધી ગતિ છે. તમે શબ્દોમાં સાકાર પામેલા વિચારના જગતમાં હો છો, ત્યાંથી તમે ઊંચે ચડો છો અને શાંત વિચારની અભિવ્યક્તિને પ્રાપ્ત કરો છો; વળી તમે ત્યાંથી પણ વધારે ઊર્ધ્વમાં ઊડો છો અને ઊર્ધ્વ બળને પ્રાપ્ત કરો છો. આ ચિત્ શક્તિ છે જે પેલા વિચારનું ઉદ્‌ગમ-સ્થાન છે, અને પછી તે સમગ્ર ચેતના બને છે, કોઈ રચના વગરની — અભિવ્યક્તિ પામેલી અને રચાયેલી. એટલે કે તમે મૂળ સ્રોતમાં જ ચડી જાઓ છો. ત્યાંથી આગળ, આ પ્રકાશને તમે એક વખત ધારણ કરતા થાઓ, આ ચેતનાની અંદર, અને કોઈ સ્થૂલ વસ્તુ ઉપર કાર્ય કરી ફળ મેળવવું હોય તો આ તપઃશક્તિ એક પછી એક સ્તરમાંથી નીચે ઊતરી આવે છે અને પછી જેમ જેમ તે વધારે ને વધારે ભૌતિક બનતી જાય છે તેમ તેમ તે સ્પષ્ટ રીતે શબ્દોમાં અથવા તો કેવળ એક જ શબ્દમાં અભિવ્યક્ત થાય છે અને જ્યારે તે સ્થૂલ વસ્તુનો સ્પર્શ કરે છે ત્યારે ફક્ત શાંત શબ્દને બદલે ધ્વનિયુક્ત આંદોલનોનો શબ્દ બને છે. એવું આંદોલન જે સીધેસીધું ભૌતિક સ્તર ઉપર અસર કરે છે. પણ વ્યક્તિએ પ્રથમ તો ઘણે ઊંચે ચડવું જોઈએ જેથી કરીને તે ફરીથી નીચે આવી શકે. વ્યક્તિએ શાંત સચેતનતામાં પહોંચવું જોઈએ જેથી કરીને તે નીચે ઊતરી આવીને આ રીતે કહી શકે. તે પરમ શબ્દ ઉપરથી જ આવવો જોઈએ. આ શબ્દનું મૂળ ત્યાં ઘણે ઘણે ઊંચે હોવું જોઈએ, નહિ કે કોઈ પણ નીચેની અંતરાલ ભૂમિકામાં. તો પછી તે પરમ શબ્દ છે અને મેં જે પ્રમાણે કહ્યું તે પ્રમાણે દરેકે કરવું જ જોઈએ. એ કાંઈ સહેલી વસ્તુ નથી.

(શ્રી માતૃવાણી ગ્રંથ : ૬ : પૃ. ૯૬-૯૭)

***

## રહસ્યવાદીઓની પદ્ધતિમાં શબ્દ

રહસ્યવાદીઓની પદ્ધતિમાં, શબ્દ એક શક્તિ છે, શબ્દ સર્જના કરે છે. કારણ કે સઘળી સૃષ્ટિ એક અભિવ્યક્તિ છે; દરેક વસ્તુ અનંતના ગૂઢ ધામમાં અસ્તિત્વ ધરાવે જ છે गुहा हितम्, અને સક્રિય ચેતનાએ તેને અહીં દૃષ્ટિગોચર રૂપમાં માત્ર પ્રગટ કરવાની છે. વૈદિક વિચારની કેટલીક શાળાઓ એમ માને છે કે વાણીએ આ વિશ્વોનું સર્જન કર્યું છે અને દરેક સ્વરૂપનિર્માણની

પહેલાં ધ્વનિ તેના પ્રથમ આકાશીય આકંપન તરીકે પ્રગટ થાય છે. વેદમાં ઘણા મંત્રોમાં એમ કહેવામાં આવ્યું છે કે પવિત્ર મંત્રોના છંદો, અનુષ્ટુભ્, ત્રિષ્ટુભ્, જગતી, ગાયત્રી — એ બધા છંદો વૈશ્વિક ગતિ—જેમાં બધી વસ્તુઓ ઢાળવામાં આવે છે, એવા છંદોનાં પ્રતીકો છે.

વ્યક્તિ દ્વારા આપણે સર્જના કરીએ છીએ અને એમ પણ કહેવામાં આવ્યું છે કે માનવો મંત્ર વડે દેવોનું પોતાનામાં સર્જન કરે છે. શબ્દ વડે આપણે આપણી ચેતનામાં જેનું સર્જન કર્યું છે, તેને શબ્દ વડે આપણે સુસ્થિર કરીને આપણા ભાગરૂપ બનાવી શકીએ અને માત્ર આપણા આંતરિક જીવનમાં જ નહિ, પણ બાહ્ય ભૌતિક જગતમાં પણ તેને અસરકારક બનાવી શકીએ. અભિવ્યક્તિ દ્વારા આપણે રૂપ-નિર્માણ કરીએ છીએ, તેને સ્થિરતાથી ધારણ કરવા વડે આપણે તેને પ્રતિષ્ઠિત કરીએ છીએ. (વેદનું રહસ્ય, ભાગ-૧ : પૃ. ૨૮૯)

***

## પ્રેરણાયુક્ત અને આવિષ્કારયુક્ત દર્શના

વેદના કવિઓ મંત્રને આ રીતે સમજતા હતા કે તે પ્રેરણાયુક્ત, આવિષ્કારયુક્ત દર્શના અને દર્શનાવાળી વિચારણા છે. તેની સાથે સાથે, જો આપણે આ ભારેખમ પણ જરૂરી આધુનિક શબ્દ વાપરીએ તો ભગવાનના કોઈક અંતરતમ સત્યનો, આત્માના, માનવના, પ્રકૃતિના, વિશ્વના, જીવનના, વસ્તુના, વિચારના, અનુભૂતિના અને ક્રિયાના કોઈ અંતરતમ સત્યનો સાક્ષાત્કાર પણ હોય છે. તે મહાન આત્મછંદની ('છંદસ') પાંખો પર ઊડતી ઊડતી આવતી વિચારણા હતી, કારણ કે દર્શનાને શ્રુતિથી જુદી પાડી શકાય નહિ, તે બંને એક જ ક્રિયા હતી. તે બંનેથી સાક્ષાત્કારને જુદો પાડી શકાય નહિ, કારણ કે સાક્ષાત્કાર એટલે સત્યને પોતાનામાં જીવવું તે. સાક્ષાત્કાર આત્મામાં રહે છે અને સૃષ્ટાના અથવા માનવી વાહનના મન પર તેણે લીધેલો કબજો, આંતરદર્શના અને શ્રુતિ, જે તેજોમય શબ્દનો આકાર ધારણ કરે છે, તેનો તે પુરોગામી હોય અથવા સહચર હોય. મંત્ર હૃદયમાં જન્મે છે અને જોયેલું સત્ય જે સનાતનનું મુખ અથવા તો રૂપ છે, તે સનાતનના દેવ માટે તે મંત્ર વિચારક મનને રથરૂપ બનાવે છે - આકાર ઘડે છે. જો આપણો શબ્દ સાચો મંત્ર હોય તો કવિ-દ્રષ્ટાના યોગ્યતાવાળા શ્રોતાના મનમાં પણ આ ત્રણ વસ્તુઓ એકીસાથે પ્રગટવી જોઈએ. એક તો અંતરતમ સત્યનું દર્શન શ્રવણની સાથે થવું જોઈએ. બીજું, શબ્દના છંદોમય સંદેશાની સાથેસાથે, અથવા તો તેની તરત જ પાછળ, તેનો અંતર આત્મા મનનો કબજો લે અને અંદર ઘર કરી જાય. અને ત્રીજું, મનને સત્યનું દર્શન થાય... (SABCL 9 : 199-200)

***

## ગૂઢ અક્ષર ૐ

સર્વે શબ્દો અને વિચારો 'ૐ'માંથી પ્રગટે છે, ૐ શબ્દ બ્રહ્મ છે, એ જ શાશ્વત પરબ્રહ્મ છે. ઇન્દ્રિયગ્રાહ્ય પદાર્થોના સ્વરૂપોમાં ૐ પ્રગટે છે, બ્રહ્મના સર્જક આત્મવિચારની સચેતન લીલા જેમાં પદાર્થો અને રૂપો કેવળ આકારો છે, તે સર્વમાં પણ ૐ વ્યક્ત થાય છે. પોતાની ચેતનામાં એકાગ્ર — એવી ચિદ્દ્ઘન — પર ચેતનાની શક્તિની પાછળ ૐ પ્રકાશે છે. આમ વસ્તુમાત્રનું, વિચાર, નામ અને રૂપ સર્વેનું સર્વશક્તિમાન મૂળ, બીજ, યોનિ ૐ છે. સમગ્ર ભાવે

લેતાં, પરમ અસ્પર્શ્ય, આદિ અદ્વૈત, કાલાતીત રહસ્ય, સર્વ પ્રકારના આવિર્ભાવથી પર સ્વયંભૂ એવી પરાત્પર સત્-તા ૐ[1] પોતે છે. આ પ્રકારનો બ્રહ્મયજ્ઞ એકીવખતે કર્મ, ભક્તિ અને જ્ઞાન રૂપ બની રહે છે.[2]

જે આત્માને ઉપર પ્રમાણે શાશ્વત પરબ્રહ્મનું જ્ઞાન થયું છે, જે તેની ભક્તિ કરે છે અને જે પોતાનું અને પોતાનાં સર્વે કર્મોનું મહાન આત્મસમર્પણ કરે છે તેને સઘળું પ્રભુરૂપ, અને પ્રભુ પોતે સર્વરૂપ થયેલો દેખાય છે. તે પ્રભુને જગતનું પોષણ કરનાર, તેને ચાહનાર, પોતાનાં બાળકોની સંભાળ રાખનાર પિતા તરીકે જાણે છે. તે દિવ્ય માતા તરીકે પ્રભુને જાણે છે — એ માએ આપણને તેની છાતી સરસા ચાંપીને રાખ્યા છે, તથા પોતાના પ્રેમનું માધુર્ય આપણા ઉપર તે વરસાવી રહી છે તથા આ જગતને પોતાનાં સૌંદર્યનાં સ્વરૂપોથી ભરી રહી છે. એવો ભક્ત પ્રભુને આદિકર્તા તરીકે જાણે છે — કાલ, દિશા અને પરિસ્થિતિમાં જે કાંઈ ઉદ્‌ભવે છે તે એ આદિ સૃષ્ટામાંથી આવેલું છે. એ જ પ્રભુને તે વિશ્વના તથા વ્યક્તિના એકેએક વિધાનના નિર્માતા તરીકે તથા સ્વામી તરીકે જાણે છે. જગત, નિયતિ તથા અનિશ્ચિત ભાવિ એવા આત્માને ભય પમાડી શકતાં નથી. દુઃખ અને અનિષ્ટનું દર્શન શાશ્વતને સમર્પણ થયેલા આત્માને મોહ પમાડી શકતાં નથી. જે આત્માને ચક્ષુ પ્રાપ્ત થયાં છે, જેને દૃષ્ટિ છે તેને પ્રભુ પોતે જ યાત્રાનો માર્ગ છે અને યાત્રાનું અંતિમ ધામ પણ પ્રભુ છે. એ માર્ગે ભૂલા પડવાપણું નથી, એ અંતિમ ધ્યેયે એવું છે કે પ્રતિક્ષણ ખાતરીપૂર્વક તે એના પ્રત્યે જઈ રહ્યો છે, કારણ કે જ્ઞાનપૂર્વક એનાં પગલાં દોરાતાં હોય છે. એવો સાધક પ્રભુને પોતાના તેમજ સર્વના આત્માના સ્વામી તરીકે જાણે છે. પોતાની પ્રકૃતિનો આધાર, પ્રકૃતિની સત્-તાનો સ્વામી, તેનો પ્રણયી અને તેને ચાહનારો એના સર્વે વિચારો અને કર્મોનો અંતરનો સાક્ષી પ્રભુ છે એમ તે અનુભવે છે. પ્રભુ તેનો વિસામો છે, તેનો દેશ છે, તેની કામનાઓનો અને ખોજનો આશ્રય છે, સર્વ પ્રાણીનો જ્ઞાની અને ગાઢ અને ઉદાર એવો સુહૃદ છે, મિત્ર છે. સર્વ દૃશ્ય સત્-તાની સર્વ પ્રકારની ઉત્પત્તિ, સ્થિતિ અને લયમાં એવા સાધકને તે એકમેવાદ્વિતીયનાં દર્શન અને સાક્ષાત્કાર થાય છે. એ પરમ એક પરાત્પર કાલમાં થતા પોતાના આવિર્ભાવને ઉત્પત્તિ રૂપે આગળ લાવે છે, સ્થિતિ રૂપે ટકાવી રાખે છે તથા વિનાશ રૂપે પોતાનામાં, સનાતન પુનરાવર્તનની યોજનામાં, તેને પાછો લય પમાડે છે. જે કાંઈ અહીં જન્મેલું અને નાશ પામતું જણાય છે તે સઘળાનું અવિનાશી મૂળ અને આદિ

---

૧ ''ૐના ત્રણ અક્ષરો—अ,उ અને म्:'अ' સ્થૂલ અને બાહ્યમાં પ્રગટતું દિવ્ય તત્ત્વ, એટલે કે વિરાટ છે, 'उ' સૂક્ષ્મ અને અંતરમાં પ્રગટતું દિવ્ય તત્ત્વ છે, એટલે કે તેજસ છે. 'म्' ગૂઢ એવી પર ચેતનાના સર્વશક્તિમાનપણામાં એટલે કે પ્રજ્ઞા રૂપે પ્રગટતું દિવ્ય તત્ત્વ છે. 'ઓમ્' એટલે કેવળ, તુરીય.''

— માંડૂક્ય ઉપ.

૨ अहं क्रतुरहं यज्ञः स्वधाहमहमौषधम् ।
मंत्रोऽहमहमेवाज्यमहमग्निरहं हुतम् ।। (९,१६)
पिताहमस्य जगतो माता धाता पितामहः ।
वेद्यं पवित्रमोंकार ऋक् साम यजुरेव च ।। (९,१७)

કારણ કેવળ તે એક જ છે. જ્યારે તે આવિર્ભાવમાં હોતું નથી ત્યારે એ સઘળાનો આશ્રય પણ તે એક જ છે. સૂર્યની અને અગ્નિની ઉષ્માામાં એ એક પરાત્પર જ પોતે તપે છે. વરસાદની વિપુલતા કે અભાવરૂપ પણ તે જ છે. આ સઘળી સ્થૂલ પ્રકૃતિ અને એનાં કાર્યો પણ તે એક જ છે. મૃત્યુ એનો વેશ છે. અમરતા એનો આત્મ-પ્રકાશ છે. આપણે જેને અસ્તિત્વ કહીએ છીએ તે સઘળું એ એક છે, અને આપણે જેને અસત્ ગણીએ છીએ તે સર્વ પણ તે અનંતમાં ગૂઢપણે રહેલું છે અને એની અનિર્વચનીયતાનો એક ભાગ છે.* (ગીતા નિબંધો : ૩૯૨-૯૪)

***

ૐ મંત્ર એ બ્રહ્મ ચેતનાને અભિવ્યક્ત કરતું શબ્દ-પ્રતીક છે અને તેમાં તુરીયથી માંડી વિરાટ અથવા બાહ્ય ભૌતિક એવી ચારેય ભૂમિકાઓનો સમાવેશ થાય છે. મંત્રનું કાર્ય આંતર ચેતનામાં એવાં આંદોલનો પ્રગટ કરવાનું છે જેને લઈને એ આંતર ચેતના, એ મંત્ર જે વસ્તુને પોતાનામાં ધારણ કરી રહ્યો હોય અને એ જેનું પ્રતીક હોય, તેના સાક્ષાત્કાર માટે તૈયાર થાય. આમ ૐ મંત્રનો જપ કરવાથી આપણી ચેતના સર્વ વસ્તુઓમાં એક જ ચેતનાને જુએ અને અનુભવે એ રીતે ખુલ્લી થાય છે. આ રીતે આપણને સર્વ ભૌતિક વસ્તુઓમાં, આંતર સ્વરૂપમાં, પારભૌતિક જગતોમાં, અત્યારે આપણને સર્જનની જે ભૂમિકાઓ ચેતનાને પેલે પાર ઉપર આવી રહેલી અનુભવાય છે તેમાં, અને છેવટે, સર્વ વૈશ્વિક અસ્તિત્વથી પરમ મુક્ત પરાત્પરમાં એક જ ચૈત્યનાં દર્શન અને અનુભવ થાય છે. (SABCL 23 : 745-46)

***

હંમેશાં શ્રી માતાજીને બોલાવતા રહેવું એ જ મુખ્ય વસ્તુ છે અને એની સાથે સાથે તમારી અભીપ્સા તમારે સતેજ રાખવી જોઈએ, જ્યારે પ્રકાશ આવે ત્યારે તેને સંમતિ આપવી જોઈએ. તેમ જ તમારી અંદરથી કામનાને તથા અંધકારની હર કોઈ ક્રિયાને દૂર ફેંકી દેવી જોઈએ અને તેમાંથી અલિપ્ત થઈ જવું જોઈએ. પરંતુ આ વસ્તુઓ તમે સફળ રીતે ન કરી શકો તો પછી સહાય માટે પુકાર કરતા રહો, ફરી ફરીને પુકાર કરતા રહો. (CWSA 31 : 134)

***

જ્યારે આપત્તિ આવી પડે ત્યારે સૌ પ્રથમ શ્રી માતાજીને પુકાર કરવો ઘટે. એ પુકાર શ્રી માતાજીના રક્ષણને તુર્ત જ અસરકારક બનાવી દે છે. (CWSA 32 : 308)

---

* गतिर्भर्ता प्रभुः साक्षी निवासः शरणं सुहृत् ।
प्रभवः प्रलयः स्थानं निधानं बीजमव्ययम् ।। (९,१८)
तपाम्यहमहं वर्षं निगृह्णाम्युत्सृजामि च ।
अमृतं चैव मृत्युश्च सदसच्चाहमर्जुन ।। (९, १९)

# મંત્રનો અભ્યાસ

### પ્રત્યેક વ્યક્તિએ પોતાનો મંત્ર શોધી લેવો જ જોઈએ

પ્રત્યેક વ્યક્તિએ એવું કંઈક શોધી લેવું જોઈએ જે એમની ઉપર વ્યક્તિગતરૂપે કાર્ય કરે. હું શારીરિક ભૂમિકાએ થતા કાર્યની જ માત્ર વાત કરું છું. કારણ, મનોમય, પ્રાણમય, સ્વરૂપના સર્વ આંતરભાગો ઉપર અભીપ્સા હંમેશાં સહજ હોય છે. હું અહીં માત્ર શારીરિક ભૂમિકાની જ વાત કરું છું. શારીરિક, ભૌતિક સ્તર જે પુનરુક્તિ પામતું હોય એના પ્રતિ વધુ અભિમુખ થતું હોય એવું લાગે છે — દા.ત. રવિવારે આપણે જે સંગીત સાંભળીએ છીએ તે, એમાં એકબીજા સાથે જોડાયેલા મંત્રોની ત્રણ શ્રેણી છે :

યા દેવી સર્વભૂતેષુ માતૃરૂપેણ સંસ્થિતા
યા દેવી સર્વભૂતેષુ શક્તિરૂપેણ સંસ્થિતા
યા દેવી સર્વભૂતેષુ શાન્તિરૂપેણ સંસ્થિતા
નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમો નમઃ

બીજી પંક્તિમાં શ્રી અરવિન્દને સંબોધન કરવામાં આવ્યું છે (અને હું માનું છું કે અંત ભાગે તે લોકોએ મારું નામ મૂક્યું છે.) હું જે મંત્રની વાત કરી રહી હતી તે મંત્રને એ સમાવી લે છે :

ૐ નમો નમઃ શ્રી મીરામ્બીકાય
ૐ નમો ભગવતે શ્રી અરવિન્દાય
ૐ નમો નમઃ શ્રી મીરામ્બીકાય.

અને ત્રીજું સંબોધન શ્રી અરવિન્દને છે : તમે મારો આશરો છો.

શ્રી અરવિન્દ : શરણમ્ મમ.

તો આ મંત્રોની બાબતમાં સર્વ કંઈ એ વસ્તુ પર અવલંબિત છે કે તમે એનો કઈ રીતનો ઉપયોગ કરવા માગો છો. હું હંમેશાં ટૂંકા મંત્રની હિમાયત કરું છું — એક કે બે શબ્દ, વધુમાં વધુ ત્રણ શબ્દ — તમારે સહજ જપ કરવા હોય અને મોટી સંખ્યામાં કરવા હોય તો ટૂંકા મંત્ર સહાયકારી છે. કારણ એ જ કે મંત્રોનો તમે પ્રત્યેક કિસ્સામાં ઉપયોગ કરી શકવા સક્ષમ હોવા જોઈએ. દા.ત. અકસ્માત થવાનો હોય ત્યારે એ મંત્ર તમારી અંદરથી આપોઆપ નીકળી આવવો જોઈએ, વિચારની મદદ વગર, એને સાદ દીધા સિવાય. તમારા સ્વરૂપમાંથી એ સહજ સ્ફુરવો જોઈએ, પ્રતિક્રિયાત્મક ક્રિયા રૂપે. આમ થાય ત્યારે મંત્ર પૂરેપૂરો શક્તિશાળી બની રહે છે.

મારે માટે એવા દિવસોએ જ્યારે મારે કોઈ વિશિષ્ટ કાર્ય કરવાનું ન હોય કે ખાસ કોઈ મુશ્કેલીનો સામનો કરવાનો ન હોય (એવા દિવસોએ સર્વ કંઈ સામાન્ય હોય, હું સામાન્ય હોઉં)

હું જે કંઈ કરું, આ શરીરની સર્વ હિલચાલ, સર્વ શબ્દોનું હું ઉચ્ચારણ કરું, હું જે કંઈ કરું તે સર્વની સાથે સાથે આ મંત્રનું ઉચ્ચારણ ચાલુ રહેતું હોય છે :

ૐ નમો ભગવતે ૐ નમો ભગવતે ।।

સર્વ સમય, સર્વ સમય, સર્વ સર્વ સમય.

આ છે સામાન્ય અવસ્થા. એ સૂક્ષ્મ શારીરિક કરતાં પણ વધુ સઘન એવા ભૌતિક વાતાવરણનું સર્જન કરે છે. એ જાણે કે.... ફોસ્ફરસના કિરણોત્સર્જન સમાન હોય છે... અને એનું કાર્ય મહત્તર હોય છે, ખૂબ જ મહત્તર કાર્ય. એ અકસ્માતને રોકી શકે છે. એ હંમેશાં તમારી સાથે જ રહે છે, સર્વ સમય તમારી સાથે રહે છે.

.... તો તમને જો જરૂર અનુભવાય - ત્યાં તમારા મસ્તિષ્કમાં નહિ; પરંતુ અહીં (શ્રી માતાજી પોતાના હૃદય-કેન્દ્ર પ્રતિ ઇશારો કરે છે), તો એ પ્રકટ થશે. એક દિવસ કાં તમને એ શબ્દો સાંભળવા મળશે, અથવા એ તમારા હૃદયમાંથી ફૂટી નીકળશે. ... અને એવું બને ત્યારે પછી તમારે એ મંત્રને ધારણ કરી લેવો જોઈએ.

(Conversations with a disciple : Sept 16, 1958)

***

## અંતરમાંથી સહજ સ્ફુરતો મંત્ર એ હોય છે જીવંત મંત્ર

સાચો મંત્ર કોઈ પણ વ્યક્તિ તમને આપી શકે નહિ. એ એવી કોઈ વસ્તુ નથી, જે આપવામાં આવતી હોય : એ એવી વસ્તુ છે જે અંતઃકરણમાંથી ઝરાની માફક ફૂટી નીકળે છે. એ એકાએક જ અંતરમાંથી પ્રકટ થવો જોઈએ, સહજ રીતે, તમારા સ્વરૂપની અગાધ, ઉત્કટ જરૂરિયાત રૂપે — આમ થાય તો પછી એની અંદર બળ હોય છે, કારણ કે પછી એ કોઈ બહારથી આવેલી વસ્તુ હોતી નથી, એ હોય છે તમારો પોતાનો આર્ત પોકાર.

મારા કિસ્સામાં મેં એ જોયું હતું કે મારા મંત્રમાં અમરતાની શક્તિ હતી. કશું પણ બને અને જો એનું ઉચ્ચારણ કરવામાં આવે તો પછી પરમાત્માનો નિયમ પ્રવર્તતો હોય છે; નિમ્ન નિયમની અસર પછી રહેતી નથી. અને શબ્દો અપ્રસ્તુત હોય છે, એ શબ્દોનો કોઈ અર્થ ન પણ થતો હોય. અન્ય કોઈ માટે મારો મંત્ર અર્થહીન હોઈ શકે; પરંતુ મારે માટે એ પૂર્ણ અર્થસભર હોય છે. અને અસરકારક પણ હોય છે, કારણ એ હોય છે મારો આર્ત પોકાર, મારા સમગ્ર સ્વરૂપની ઉત્કટ અભીપ્સા હોય છે.

***

## મંત્રની શક્તિ

ગુરુ દ્વારા આપવામાં આવેલો મંત્ર એ છે માત્ર મંત્રની શોધ કરનાર વ્યક્તિની અનુભૂતિને સિદ્ધ કરવાની શક્તિ. એમાં શક્તિ આપોઆપ રહેલી હોય છે, કારણ ધ્વનિ અનુભૂતિને સમાવતો હોય છે. મેં પેરિસમાં એક વખત આ અનુભવ્યું હતું. તે સમયે મને ભારત વિશે કોઈ જાણકારી

ન હતી, મંત્ર શું વસ્તુ છે તે પણ હું જાણતી ન હતી. એક વ્યક્તિએ હિમાલયમાં રહી એક વર્ષ સુધી 'યોગ'નું આચરણ કર્યું હતું તે પોતાના અનુભવ વિશે જણાવી રહી હતી તેનું વક્તવ્ય સાંભળવા હું ગઈ હતી. વક્તવ્ય એટલું સારું ન હતું. પરંતુ એકાએક પોતાના વક્તવ્ય દરમિયાન એ વ્યક્તિએ ૐનું ઉચ્ચારણ કર્યું અને મેં જોયું કે સમગ્ર ખંડ પ્રકાશથી ભરાઈ ગયો હતો, સુવર્ણ પ્રકાશથી ભરાઈ ગયો હતો.

... માત્ર મેં જ એ વસ્તુની નોંધ કરી હતી. મેં મારી જાતને જણાવ્યું હતું : ''ઠીક !'' મેં પછી એના વિશે વિચાર્યું નહિ, એ વાત જ હું ભૂલી ગઈ. પણ પછી બન્યું એવું કે જુદા જુદા ત્રણ દેશોમાં જુદી જુદી વ્યક્તિઓ સાથે મને એ જ પ્રકારનો અનુભવ થયો અને એ સર્વ પ્રસંગોએ ૐના ઉચ્ચારણની સાથે જ મને એ સ્થાન પ્રકાશથી સભર ભરાતું અનુભવાયું હતું. એટલે હું સમજી ગઈ કે આ ધ્વનિ (ૐ)માં હજારો હજારો વર્ષોની આધ્યાત્મિક અભીપ્સાનાં આંદોલનો સમાયેલાં છે. એ ધ્વનિમાં પરમ પરત્વેની સમગ્ર માનવજાતિની અભીપ્સા સમાયેલી છે. અને એમાં શક્તિ સહજ રહેલી છે, કારણ એમાં અનુભૂતિ રહેલી હોય છે.

(Conversations with a disciple : May 11 1963)

***

ૐ એ છે અવિનાશી **શબ્દ.** ૐ છે અખિલ સૃષ્ટિ અને આ જ છે ૐનું ભાષ્ય. ભૂત, વર્તમાન અને ભવિષ્ય, જે કંઈ હતું, જે કંઈ છે અને જે કંઈ થવાનું છે એ સર્વ ૐ છે. તે જ પ્રમાણે કાળની મર્યાદાઓથી પર જે કંઈ અસ્તિત્વમાં આવી શકે તે પણ ૐ છે.

***

## મુશ્કેલીના સમયે તમારા મંત્રનો જપ કરવાની ટેવ કેળવો

જ્યારે તમે રમતા હો અને અચાનક તમને એમ લાગે કે કોઈ વસ્તુ ખોટી રીતની થઈ રહી છે—તમે ભૂલો કરતા હો, બેધ્યાન બનતા હો, તમે જે કાંઈ કરતા હો તેથી વિરુદ્ધનાં આંદોલનો તમારી સામે આવતાં હોય-ત્યારે જો તમે ટેવ કેળવી હોય તો આપોઆપ એ સાદ કરવાની ક્ષણે જાણે કોઈ **મંત્રથી** આવાહન કરતા હો તેમ કોઈ શબ્દનો જપ, અસાધારણ અસર ઉપજાવે છે. તમારો મંત્ર તમે પસંદ કરો છો; અથવા ખરી રીતે, કોઈ વિપત્તિની ક્ષણે એ મંત્ર તમને આપોઆપ સ્ફુરે છે. એવી કોઈ ક્ષણે જ્યારે પરિસ્થિતિ ખૂબ મુશ્કેલીભરી હોય જ્યારે તમારામાં એક પ્રકારનો અંતરદાહ, ચિંતા થતી હોય, જ્યારે તમને સમજાતું ન હોય કે પછી શું થશે, ત્યારે અચાનક આ મંત્ર તમારી અંદર ઉછાળો મારીને આવે છે, એનો શબ્દ તમારી અંદર ઊછળીને પ્રગટ થાય છે. દરેક વ્યક્તિ માટે એ અલગ અલગ હોઈ શકે. પરંતુ જો તમે આ વસ્તુનું ધ્યાન રાખો અને મુશ્કેલીના દરેક સમયે તમે એનો જપ કરો તો એ મંત્ર અવિરોધ્ય બની જાય છે. દાખલા તરીકે, તમને એમ લાગતું હોય કે તમે માંદા પડવાની શરૂઆતમાં છો, તમને એમ લાગે કે તમે જે કાર્ય કરી રહ્યા છો તે ખરાબ રીતે કરી રહ્યા છો, તમને એમ લાગતું હોય કે કોઈ દુષ્ટ વસ્તુ તમારી ઉપર હુમલો

કરવાની તૈયારીમાં છે, ત્યારે... પરંતુ એ વસ્તુ તમારા સ્વરૂપમાંથી આપોઆપ પ્રગટ થવી જોઈએ, એ વસ્તુ તમારે એનો વિચાર કરવાની જરૂર ઊભી થયા વિના સ્ફુરવી જોઈએ : તમે તમારો અમુક મંત્ર પસંદ કર્યો હોય છે કારણ કે એ વસ્તુ તમારી અભીપ્સાની સ્વયંભૂ અભિવ્યક્તિ હોય છે; એ એક શબ્દ હોઈ શકે, બે કે ત્રણ શબ્દો, એક વાક્ય પણ હોઈ શકે, એનો આધાર દરેક વ્યક્તિ ઉપર રહે છે, પરંતુ એ એક એવો શબ્દ હોવો જોઈએ, જે તમારામાં અમુક અવસ્થા જાગ્રત કરે. પછી જો એ તમારી પાસે હશે તો, હું તમને ખાતરી આપું છું કે તમે સર્વે વસ્તુઓમાંથી નિર્વિઘ્ને પસાર થઈ શકશો. તમારી સામે સાચોસાચ વાસ્તવિક ભયનો સામનો કરવાનો ખડો થયો હશે, દાખલા તરીકે, કોઈ વ્યક્તિ તમને મારી નાખવાને ઇરાદે તમારા ઉપર હુમલો કરે, ત્યારે જો તમે ઉશ્કેરાઈ ગયા વિના, જરા પણ ક્ષોભ પામ્યા વિના જો તમે તમારા મંત્રનો શાંતિપૂર્વક જપ કરશો તો કોઈ વ્યક્તિ તમને કાંઈ નહિ કરી શકે. એ તો સ્વાભાવિક છે કે તમે તમારી જાતના સાચા અર્થમાં સ્વામી હોવા જોઈએ; તમારા સ્વરૂપનો એક ભાગ પાંદડાની માફક ધ્રૂજતો ન હોવો જોઈએ; ના, તમારે એ જપ, ખરા અંતરથી, સર્વાંગથી કરવો જોઈએ અને ત્યારે પછી એનામાં સર્વ પ્રકારની શક્તિ હોય છે. સારામાં સારી વસ્તુ એ છે કે એ શબ્દ તમારામાં સ્વયંભૂપણે પ્રગટ થવો જોઈએ; તમે કોઈ મહાન મુશ્કેલીની ઘડીએ સાદ કરો (મનોમય, પ્રાણમય, શારીરિક, ઊર્મિમય, કોઈ પણ પ્રકારની મુશ્કેલી હોય) અને અચાનક એ બે કે ત્રણ શબ્દો, જાદુઈ મંત્રોની માફક તમારામાં સ્ફુરી ઊઠે છે એ શબ્દો તમારે યાદ રાખવા જોઈએ અને મુશ્કેલી ઊભી થવાની ક્ષણે તેમનો જપ કરવાની ટેવ પાડવી જોઈએ. જો તમે ટેવ પાડશો તો એક દિવસ એ તમારામાં આપોઆપ જાગ્રત થશે : જ્યારે મુશ્કેલી ઊભી થશે ત્યારે સાથોસાથ મંત્ર પણ આવશે. ત્યારે તમે જોશો કે એનાં પરિણામો આશ્ચર્યજનક આવે છે. પરંતુ એ વસ્તુ કૃત્રિમ રીતે ન થવી જોઈએ અથવા એવી કોઈ વસ્તુ ન હોવી જોઈએ કે તમે મનસ્વીપણે નક્કી કરો કે, ''હું આ શબ્દોનો ઉપયોગ કરીશ;'' અથવા એમ પણ નહિ કે : કોઈ બીજી વ્યક્તિ તમને કહે કે, ''અરે ! જુઓ, આ વસ્તુ બહુ સારી છે'' — એ વસ્તુ એને માટે ઘણી સારી હોઈ શકે છે પણ બધાંને એ લાગુ ના પાડી શકાય. (શ્રી માતૃવાણી ગ્રંથ ૫ : પૃ. ૬૩-૬૪)

***

### સૂતા પહેલાં તમારા મંત્રનો જપ કરો

તમારે તમારી પીઠ ઉપર સપાટ સૂઈ જવું અને બધી માંશપેશીઓ અને નાડીઓને વિશ્રાંતિ આપવી — તે શીખવું બહુ સહેલું છે — જેને હું પથારી ઉપર પડેલા ચીંથરા જેવું કહું છું: તેમાં બીજું કાંઈ બાકી રહેતું નથી. જો તમે મનની સાથે પણ આ કરી શકો તો જ્યારે તમે પથારી પર પડો છો ત્યારે — જે થાક હોય છે તેના કરતાં તમારી ઊંઘમાં જે મૂર્ખાઈભર્યાં સ્વપ્નાં આવે છે અને તમે જાગો ત્યારે તમને થકવી નાખે છે તેનો પણ અંત લાવી શકો. તે વસ્તુ મગજના કોઈ પણ નિયંત્રણ વગર પોતાનાં સૂક્ષ્મ છિદ્રોની સક્રિયતા જાળવી રાખે છે. તે વધારે થકવી નાખે છે. તેથી કરીને એક સંપૂર્ણ આરામ, એક પ્રકારની પૂર્ણ સ્થિરતાવાળી તાણ વગરની પરિસ્થિતિ હોવી જોઈએ જેમાં

બધી જ વસ્તુઓ બંધ થઈ ગઈ હોય છે. પરંતુ આ વસ્તુ તો ફક્ત શરૂઆત છે.

પછીથી શક્ય તેટલું પૂર્ણ રીતે દરેક વસ્તુનું તમે આત્માર્પણ કરો છો, તળિયેથી ટોચ સુધીનું, બહારથી અંદરનું. અને અહંકારનો જે પ્રત્યાઘાત હોય છે તેનો શક્ય બને તેટલી રીતનો પૂર્ણ રીતે ઉચ્છેદ ઉડાવો છો અને પછીથી તમે તમારા મંત્રનો જાપ કરો છો, તમારો મંત્ર જો તમારી પાસે હોય તો, અથવા કોઈ પણ શબ્દ જે તમારે માટે શક્તિશાળી હોય. એક એવો શબ્દ જે તમારા હૃદયમાંથી નૈસર્ગિક રીતે પ્રાર્થના માફક બહાર આવતો હોય, એક એવો શબ્દ જે તમારી અભીપ્સાનો સરવાળો કરતો હોય, તેનો કેટલોક વખત સુધી જાપ કર્યા પછી જો તમને એ રીતની ટેવ હોય તો તમે સમાધિમાં ઊતરી જાઓ છો અને સમાધિમાંથી ઊંઘમાં સરકી જાઓ છો. સમાધિ જેટલો સમય ચાલવી જોઈએ તેટલો જ સમય ચાલુ રહે છે અને બિલકુલ કુદરતી રીતે સાહજિકતાથી તમે ઊંઘમાં સરી જાઓ છો. પરંતુ જ્યારે તમે ઊંઘમાંથી પાછા આવો છો ત્યારે તમને દરેક વસ્તુ યાદ હોય છે. તમારી ઊંઘ તમારી સમાધિની ચાલુ પરિસ્થિતિ જેવી હતી. મૂળભૂત રીતે ઊંઘનો એકમાત્ર હેતુ શરીર માટે સમાધિની અસરને પચાવવા માટેનો હોય છે જેથી કરીને તેની અસર દરેક જગાએ પહોંચે અને શરીરને તેનાં ઝેરી તત્ત્વોને બહાર કાઢવાનું રાત્રી દરમિયાનનું કાર્ય કરવા શક્તિશાળી બનાવે. અને તમે જ્યારે જાગ્રત થાઓ છો ત્યારે તમને ઊંઘમાંથી આવતી વજનની લાગણીનો અંશ પણ રહે નહિ. સમાધિની અસર ચાલુ રહે છે.

જે લોકો કદી સમાધિમાં નથી આવતા તેમણે પણ ઊંઘમાં પડતાં પહેલાં કોઈ શબ્દ કે મંત્રનું રટણ કરવું કે પ્રાર્થના કરવી તે વધારે સારું છે. પરંતુ તે શબ્દો જીવંત હોવા જોઈએ; હું કોઈ બુદ્ધિયુક્ત અર્થમાં કહેતી નથી પરંતુ તેવા પ્રકારના કોઈ આંદોલન વિશે વાત કરું છું અને શરીર ઉપર તેની અસર અદ્‌ભુત હોય છે; તેમાં આંદોલન શરૂ થાય છે. આંદોલન, આંદોલન. ... અને તમે તમારી જાતને મુક્ત કરી દો છો, જાણે કે તમે ઊંઘમાં જતા હો. શરીર વધારે અને વધારે આંદોલિત થાય છે, વધારે અને વધારે અને તમે ચાલ્યા જાઓ છો. તે તમસ દૂર કરવા માટેનો ઉપાય છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૧૫ : પૃ. ૩૨૮-૩૩૦)

***

## ધ્વનિમાં શક્તિ રહેલી છે.

શબ્દ એ વિચારની ધ્વનિમાં થતી અભિવ્યક્તિ છે. અતિભૌતિક સ્તરો ઉપર જ્યારે કોઈ વિચારને મૂર્ત સ્વરૂપ આપવાનું હોય છે ત્યારે એ વિચારના શબ્દ-રૂપનું રટણ કરીને એ પ્રકારનાં આંદોલનો ઉત્પન્ન કરી શકાય છે જે વ્યક્તિના મનને એ વિચારના સાક્ષાત્કાર માટે તૈયાર કરે છે. મંત્ર અને જપ પાછળનો આ છે મૂળભૂત સિદ્ધાંત. માણસ ઈશ્વરના નામનું રટણ કરે અને એ રટણને લઈને માણસની ચેતનામાં જે આંદોલનો ઉત્પન્ન થાય છે તે આંદોલનો માણસને ઈશ્વરના સાક્ષાત્કાર માટે તૈયાર કરે છે. બાઈબલમાં આ જ વિચાર વ્યક્ત થયેલો છે. ''પ્રભુએ કહ્યું, પ્રકાશ થાઓ. અને ત્યાંજ પ્રકાશ પથરાઈ ગયો.'' એ છે શબ્દ દ્વારા સૃષ્ટિનું નિર્માણ.

***

The future poetry (ભાવિ કવિતા) પુસ્તકમાં મેં જે રીતે સમજાવવાનો પ્રયત્ન કર્યો છે એ પ્રમાણે મંત્ર એ શક્તિ અને પ્રકાશ ધારણ કરતો શબ્દ છે જે શક્તિ અને પ્રકાશ અધિમાનસિક પ્રેરણા અથવા અંતરપ્રેરણાની ખૂબ જ ઉચ્ચ ભૂમિકા પરથી આવતાં હોય છે. એની લાક્ષણિકતાઓ એ છે કે એની ભાષા શબ્દોના માત્ર બાહ્ય અર્થઘટનનો જે નિર્દેશ કરતી હોય છે એના કરતાં અનંતગણુ વધુ કંઈક કહી જાય છે. એક લય, જે એ ભાષા કરતાં પણ વધુ કંઈક છે, અને એ લય ઉત્પન્ન થતો હોય છે અનંતમાંથી અને એ અનંતમાં જ એ અદૃશ્ય થઈ જતો હોય છે, એનામાં માત્ર મનોમય, પ્રાણમય, કે શારીરિક રીતે જે સમાયેલું હોય છે, તથા એ જેનું સૂચન કરે છે, અથવા તો ઉચ્ચારવામાં આવતા શબ્દોનું જે મૂલ્ય હોય છે એને જ એ માત્ર પ્રકટ કરે છે એવું નથી; પરંતુ આ બધું જ અને આ બધાંની પાછળ રહેલી કોઈ મહત્તર વસ્તુ, એનું મહત્ત્વ તેમ જ અમુક મૂળભૂત અને મૂળગામી ચેતનામાં રહેલી આકૃતિને પણ એ પ્રકટ કરે છે.

***

**ૐ અને મંત્રની અસર**

"ૐ ના ત્રણ અક્ષરો – अ उ म्:
'अ' સ્થૂલ અને બાહ્યમાં પ્રગટતું દિવ્ય તત્ત્વ,
એટલે કે વિરાટ છે, 'उ' સૂક્ષ્મ અને અંતરમાં
પ્રગટતું દિવ્ય તત્ત્વ છે, એટલેકે તેજસ છે. 'म'
ગૂઢ એવી પરા ચેતનાના સર્વશક્તિમાનપણામાં
એટલે કે પ્રજ્ઞા રૂપે પ્રગટતું દિવ્ય તત્ત્વ છે.
'ઓમ્' એટલે કેવળ તુરીય."

– માંડૂક્ય ઉપનિષદ

***

ૐ એક સ્વરીય શબ્દ છે. (અવિનાશી શબ્દ) એ ઊર્ધ્વ (ગતિ) સંગીત છે, માણસે એનું અનુસરણ કરવું જોઈએ, કારણ કે ૐ ના ગાનથી માણસ ઊર્ધ્વમાં (ગતિ) લય સાથે પહોંચી જાય છે.

***

સર્વે શબ્દો અને વિચારો 'ૐ' માંથી પ્રગટે છે, ૐ શબ્દ બ્રહ્મ છે. એ જ શાશ્વત પરબ્રહ્મ છે. ઇન્દ્રિયગ્રાહ્ય પદાર્થોના સ્વરૂપોમાં ૐ પ્રગટે છે, બ્રહ્મના સર્જક આત્મ વિચારની સચેતન લીલા, જેમાં પદાર્થો અને રૂપો કેવળ આકારો છે, તે સર્વમાં પણ ૐ વ્યક્ત થાય છે. પોતાની ચેતનામાં એકાગ્ર – એવી ચિદ્ઘન – પરા ચેતનાની શક્તિની પાછળ ૐ પ્રકાશે છે. આમ વસ્તુમાત્રનું વિચાર, નામ, અને રૂપ, સર્વેનું સર્વશક્તિમાન મૂળ, બીજ, યોનિ ૐ છે.

***

ૐ મંત્ર એ બ્રહ્મ ચેતનાને અભિવ્યક્ત કરતું શબ્દ - પ્રતીક છે અને એમાં તુરીયથી માંડી વિરાટ અથવા બાહ્ય, ભૌતિક એવી ચારેય ભૂમિકાઓનો સમાવેશ થાય છે... ૐ મંત્રનો જપ કરવાથી આપણી ચેતના સર્વ પદાર્થોમાં એક જ ચેતનાને જુએ અને અનુભવે એ રીતે ખુલ્લી થાય છે.

***

ૐ મંત્રનો જો યોગ્ય રીતનો પ્રયોગ કરવામાં આવે તો (યંત્રવત્ નહિ) એ શક્ય છે કે એને લઈને ઊર્ધ્વ પ્રત્યે અને વિસ્તૃત (વિરાટ) ચેતના પ્રત્યે આપણી જાતને ખુલ્લી કરવામાં અને ઊર્ધ્વ ચેતનાનું અવતરણ કરાવવામાં એ મદદ રૂપ થઈ પડે.

**શ્રી અરવિન્દ**

***

**શિષ્ય : એમ કહેવાય છે કે ૐ બ્રહ્મનનું પ્રતિનિધિત્વ કરે છે.**

**શ્રી અરવિન્દ :** હા, ૐ શબ્દમાં મહાન શક્તિ રહેલી છે — એનો ઉચ્ચાર એવી ધ્વનિ-શક્તિનું સર્જન કરે છે જે શક્તિ પોતાની અંદર જગતમાં રહેલી સર્વે ધ્વનિ-શક્તિઓને સમાવતી હોય છે. અને એ રીતે આ શબ્દ (ૐ) બ્રહ્મનનું પ્રતિનિધિત્વ કરે છે એમ કહેવાયું છે.

**શિષ્ય :** શબ્દોના ધ્વનિઓમાં કોઈ શક્તિ રહેલી હોય છે ખરી ?

**શ્રી અરવિન્દ :** શા માટે નહિ ? ધ્વનિ એ શું શક્તિ નથી ? ધ્વનિ જો શારીરિક આંદોલનો પ્રકટાવે તો આધ્યાત્મિક અસરો પણ ઉપજાવી શકે.

# મંત્ર તરીકે પ્રભુનું નામ

અહીં શરીરનો ત્યાગ કરતી વખતના વિચારો અને ચિત્તની અવસ્થા ઉપર ગીતા ઘણો ભાર મૂકે છે. અને ચેતનામાં આત્મસર્જક શક્તિ રહેલી છે એ વસ્તુને આપણે સ્વીકારતા ન હોઈએ તો ગીતાએ મૂકેલો ભાર સમજવામાં આપણને મુશ્કેલી નડશે. જેના ઉપર આપણા વિચાર, અંતરની દૃષ્ટિ અને શ્રદ્ધા એકાગ્ર થાય છે અને સંપૂર્ણ, દૃઢ આગ્રહ અને નિષ્ઠાપૂર્વક જે વસ્તુને તે વાંછે છે તે અવસ્થામાં આપણું અંતરનું જીવન પણ રૂપાંતર પામવા માંડે છે. જ્યારે આપણે વધારે ઊર્ધ્વ પ્રકારની આધ્યાત્મિક અને સ્વપ્રયત્ને વિકસાવેલી અનુભૂતિઓમાં – એટલે કે જે અનુભૂતિઓ બાહ્ય પ્રકૃતિના ગુલામ બનેલા આપણા સામાન્ય માનસના જેટલી બહારની વસ્તુઓ ઉપર આધાર રાખનારી હોતી નથી તેમાં – પ્રવેશ કરીએ છીએ ત્યારે એવી નિષ્ઠાવાળી વૃત્તિ એક નિશ્ચયાત્મક શક્તિ બને છે. એ ભૂમિકામાં આપણે જેના ઉપર મનને એકાગ્ર કરીએ છીએ તથા જેને માટે આપણે સતત અભીપ્સા સેવીએ છીએ તેના જેવા આપણે, સ્થિર ગતિએ, થતા જઈએ છીએ. એ સત્ય આપણે પોતે જોઈ પણ શકીએ છીએ. તેથી કરીને, એ સ્થિતિમાં તો વિચારની ધારાનો લોપ કે સ્મરણની બેવફાદારી થાય એટલે પોતાની અંદર થઈ રહેલા રૂપાંતરમાં હંમેશાં વિલંબ, યા તો અંતરમાં થઈ રહેલી ક્રિયામાંથી પતન તથા આપણી જે અસલ અજ્ઞાનમય સ્થિતિ હતી તેમાં પાછા જઈ પડવાની ક્રિયા, એટલે કે પીછેહઠ જ સમજવી, – ખાસ કરીને, આપણામાં એ નવી અનુભૂતિ અને નવીન ભાવ દૃઢ અને અફરપણે સ્થાપન ન થ યાં હોય ત્યાં સુધી. જ્યારે આપણે એ નવી આધ્યાત્મિક સ્થિતિને સ્થાપન કરી શકીએ છીએ, જ્યારે તે આપણી સતત અને સામાન્ય અનુભૂતિ રૂપ થઈ રહે છે ત્યારે એની સ્મૃતિ આપોઆપ જ રહે છે, કારણ કે આપણી ચેતનાનું એ સ્વાભાવિક અને સામાન્ય સ્વરૂપ થઈ ચૂક્યું હોય છે. પરંતુ આ કાર્ય આપણા જીવનની સમગ્ર પ્રવૃત્તિથી, પ્રકૃતિના વલણથી અને આપણી અંતરની સ્થિતિથી તદ્દન વિરોધી એવી વસ્તુનું કેવળ મરણ-પથારીએ સ્મરણ કરવાથી થઈ શકે નહીં. એવા અંતકાળના યાંત્રિક સ્મરણમાં એટલી મહાન રક્ષણ કરનારી શક્તિ હોતી નથી. અહીં ગીતા જે વિચાર જણાવે છે તે અને સામાન્ય લોકપ્રિય થયેલી ધાર્મિક છૂટછાટ અને સગવડોની પાછળ જે વિચાર હોય છે તે બન્ને એક નથી. એટલે કે ખ્રિસ્તી ધર્મના અભાવવાળી પ્રકાશ વગરની આખી જિંદગી ગાળીને તેને અંતે પાદરી પાસેથી પાપોની મુક્તિ માટેની આખરી પ્રાયશ્ચિત વિધિ કરાવવી, યા તો, આગળથી સાવચેતી લઈને કે અકસ્માત રીતે પવિત્ર કાશીમાં કે ગંગાકિનારે મરણ પામવું એને મુક્તિ પામવા માટેની પૂરતી વ્યવસ્થા ગણનાર અસંસ્કૃત તરંગ અને ગીતાના અહીંના કથનમાં રહેલું તત્ત્વ એ બેની વચ્ચે કશું સરખાપણું નથી. यं भावं स्मरन् त्यजति अंते कलेवरम्. (૮.૬) "જે ભાવના ઉપર, શરીરનો ત્યાગ કરતી વખતે" મનને એકાગ્ર કરવાનું હોય છે તે ભાવમાં પોતાના સ્થૂળ શરીરમાં ગાળેલા પાર્થિવ જીવન દરમિયાન, પ્રતિક્ષણ, માનવ અંતરથી વિકાસ પામતો રહેલો હોવો જોઈએ. सदा तद्भावभावित: (૮.૬). એટલે, દિવ્ય

ગુરુ અર્જુનને કહે છે : ''સર્વ સમયે મારું સ્મરણ કર, અને યુદ્ધ કર; કારણ કે જો તું मयि अर्पित मनोबुद्धिः (૮.૭) હશે, – એટલે તારું મન અને તારી બુદ્ધિ મારામાં સ્થાપિત અને સમર્પિત હશે તો તું, જરૂર, મને જ પ્રાપ્ત કરશે. પ્રભુ સાથે યોગમાં સ્થિર સ્થાપન થયેલી એવી ચેતના વડે હંમેશાં ચિંતન કરવાથી અને સતત, અવ્યભિચારી એવા યોગમાં સ્થિર થનાર માણસ પરમ પુરુષરૂપ પુરુષોત્તમને પ્રાપ્ત કરે છે.'' (૮.૮) (ગીતા નિબંધો : ૩૫૧-૫૨)

***

## સમગ્ર જીવન યોગરૂપ બની રહેવું જોઈએ

કારણ કે આખરે જોતાં આપણા જીવનને પ્રભુ સાથે એક કરવું, પ્રભુ સાથે એટલો બધો સંપૂર્ણપણે અને સર્વ પ્રકારે યોગ કરવો જેથી સ્વાભાવિક રીતે અને સતત પ્રભુ સાથે આપણે યુક્ત જ રહીએ - કેવળ વિચારમાં અને ધ્યાનમાં જ નહિ, પરંતુ કર્મમાં, મજૂરી કરતાં, યુદ્ધ કરતાં પણ – અને જીવનસમસ્ત પ્રભુના સ્મરણરૂપ બની રહે એ જ મુખ્ય ઉપયોગની વસ્તુ છે. मामनुस्मर युद्धय च – 'મારું સ્મરણ કર અને યુદ્ધ કર.' (૮.૭) એ આજ્ઞાનો અર્થ એ થાય છે કે સામાન્ય રીતે સંસારમાં થતા ઝઘડાઓમાં માનવનું મન આસક્ત થઈ જાય છે, તેની સાથે તન્મય બની જાય છે, તેવી સ્થિતિમાં પણ શાશ્વત પ્રભુનો વિચાર સદા હાજર હોવો જોઈએ, એક ક્ષણ માટે પણ તેનું વિસ્મરણ થવા દેવું ન જોઈએ. એ કામ પૂરતું મુશ્કેલીભરેલું અને લગભગ અશક્ય લાગે છે. બીજી શરતો પૂરી પાડવામાં આવે તો જ એ કાર્ય પૂરેપૂરી રીતે, નિઃશેષપણે શક્ય બને છે. જો આપણી ચેતનામાં આપણે સર્વ સાથે, વિશ્વાત્મા સાથે, એકાત્મભાવ સ્થાપન કરીએ, એ એક આત્મા જેને આપણું મન 'પ્રભુ' તરીકે જાણે છે તેની સાથે એક થઈએ, તથા આપણાં નેત્રો અને બીજી ઇન્દ્રિયો સર્વત્ર પ્રભુને જ જુએ અને અનુભવે ત્યારે એ કાર્યની પહેલી શરત પૂરી થઈ ગણાય. એ અનુભૂતિ જ્યારે સ્થિર થાય છે ત્યારે આપણી અપ્રકાશિત ઇન્દ્રિયો વસ્તુઓનું જે જ્ઞાન આપણને આપે છે તે પ્રમાણે વસ્તુઓને જાણવી કે અનુભવવી આપણે માટે અશક્ય થઈ પડે છે. સર્વ વસ્તુઓના સ્વરૂપોમાં આપણને પ્રભુ એકીવખતે પ્રગટ અને આચ્છાદિત જણાય છે. આપણી સંકલ્પશક્તિની પાછળ રહેલી આપણી ચેતના જો પરમ પુરુષની સંકલ્પશક્તિ સાથે અદ્વૈતને પ્રાપ્ત થયેલી હોય તથા આપણાં મન, પ્રાણ અને સંકલ્પની એકેએક ક્રિયા એ પરમ પુરુષમાંથી જ આવે છે એવો આપણને અનુભવ થતો હોય, અર્થાત્ – કે આપણી પ્રકૃતિ એ દિવ્ય ચેતનાના આવેગવાળી છે, યા તો તેની સાથે એક છે એમ આપણે અનુભવતા હોઈએ, તો ગીતા જેની માગણી કરે છે તે વસ્તુ સમગ્રપણે આચરણમાં મૂકી શકય છે, ત્યાર પછી પ્રભુનું સ્મરણ મનની એક તૂટક તૂટક થતી ક્રિયારૂપ રહેતું નથી; પરંતુ આપણી સર્વે પ્રવૃત્તિઓની સ્વાભાવિક અવસ્થા બની રહે છે. અને એક રીતે, આપણી ચેતનાનું સત્ત્વ બની રહે છે. એ સ્થિતિમાં પુરુષોત્તમ સાથેના સત્ય અને સ્વાભાવિક એવા આધ્યાત્મિક સંબંધને જીવ પ્રાપ્ત કરે છે અને આપણું સમગ્ર જીવન યોગરૂપ બની રહે છે. એ સ્થિતિમાં પ્રભુ સાથેની એકતા સિદ્ધ થયેલી હોય છે અને છતાં કાળની શાશ્વતીમાં એ એકતા આપોઆપ પોતાને સિદ્ધ કરતી જાય છે. (ગીતા નિબંધો : ૩૫૬-૫૭)

***

## તમારી પાસે ફાજલ સમય હોય ત્યારે

તમારે જ્યારે કોઈ કાર્ય કરવાનું ન હોય ત્યારે તમે અંતરાભિમુખ થઈ કોઈ પણ મંત્રનો જપ કરો, દા.ત. 'ૐ', 'પ્રભુ', અથવા 'માતાજી' અને તમારા અંતઃકરણમાં પ્રવેશો અને ત્યાં પ્રભુના હૃદયમાં આશરો લો. કારણ પ્રભુનું હૃદય એટલું નરમ છે, એટલું તો મધુર છે, ખૂબ જ માયાળુ છે....

તમે જ્યારે બેચેન હો અને તમને બેચેન કરી મૂકનારી વસ્તુ સિવાય બીજા કશાનો વિચાર ન કરી શકતા હો ત્યારે અંતરાભિમુખ બનો અને પ્રભુને પુકાર કરો. અલબત્ત, તમને તુર્ત જ સફળતા નહિ મળે. પરંતુ ધીરે ધીરે તમે સફળ થઈ શકશો.

પ્રભુને ચર્મચક્ષુઓ દ્વારા જોઈ શકાય નહિ. સૌ પ્રથમ તમારે પ્રભુની અનુભૂતિ એ રીતે કરવી જોઈએ કે તમે પ્રભુના હૃદયમાં છો. સ્વાભાવિક રીતે આમ અનુભવવામાં સમય લાગી જશે.

લોકો આ અવસ્થા ઘણાં વર્ષો પછી પણ પ્રાપ્ત કરી શકતા નથી... કદાપિ એ ભૂલશો નહિ કે પ્રભુ એ જ છે આરંભ અને અંત પણ પ્રભુ જ છે. આ જગત પ્રભુને ભૂલી ગયું છે, લોકો મૂર્ખ છે, ભગવાનને ભૂલી જાય છે અને એટલે જ દુઃખો અને મુશ્કેલીઓને તેઓ સતત અનુભવતા રહે છે. (Mother you said So, 09.07.1964)

***

## સર્વ વિરોધી બળોથી મુક્ત થવાની શ્રેષ્ઠ રીત

વિરોધી બળો અને એમનાં સૂચનોથી મુક્ત થવાની શ્રેષ્ઠ રીત એ છે કે પ્રભુના નામનું રટણ સતત — જમતી વખતે, સૂતી વખતે, તમે જે કંઈ કરો તે સર્વ સમયે — કરતાં રહેવું જોઈએ. 'મારે પ્રભુ જોઈએ છીએ; બીજું કંઈ પણ નહિ.' તમે માંદો પડો અથવા કંઈક અમંગળ ઘટે ત્યારે તમને તમારા ધ્યેય પ્રતિ પહોંચવાના માર્ગમાં રૂકાવટ ઊભી કરતાં સર્વ વિઘ્નોને દૂર કરી દેવા પ્રભુને પ્રાર્થના કરવી જોઈએ. તમારો સાદ પૂરતો એકનિષ્ઠ હશે તો સર્વ વિઘ્નો એકાએક અદૃશ્ય થઈ જશે. સતત પ્રાર્થના કરતા રહેવાની ટેવ જો તમે કેળવશો તો પ્રાર્થના સત્યનિષ્ઠ બની રહેશે. કારણ, પ્રભુ સર્વે લોકોના હૃદયના ઊંડાણમાં રહેલા છે અને તેઓ હંમેશાં બધી નિષ્ઠાપૂર્વકની પ્રાર્થનાઓને સાંભળે છે અને તેઓ બધું જ જુએ છે. (Mother you said So, 23.3.1956)

***

## પ્રભુના નામની શક્તિ

પ્રભુના નામની શક્તિ અને રક્ષણની જે અનુભૂતિ તમને થઈ છે તે એવી દરેક વ્યક્તિની અનુભૂતિ છે, જેમણે એનો (નામની શક્તિનો) ઉપયોગ એ જ પ્રકારની શ્રદ્ધા અને વિશ્વાસ સહિત કરતી હોય છે. જે લોકો રક્ષણ માટે હૃદયપૂર્વક પુકાર કરે છે તેમની પ્રાર્થના નિષ્ફળ જઈ શકે નહિ. કોઈ પણ બાહ્ય બનાવ તમારી અંદરની શ્રદ્ધાને ડગમગાવી દે એવું થવા દેશો નહિ; કારણ માર્ગ પસાર કરવામાં અને ધ્યેયની પ્રાપ્તિમાં આ શ્રદ્ધા સિવાય અન્ય કંઈ પણ તમને

મહત્તર શક્તિનું પ્રદાન કરતું નથી. જ્ઞાન અને તપસ્યા, એમની શક્તિ ગમે તે હોય એની અંદર ટકી રહેવાની ક્ષમતા ઓછી હોય છે — માનવયાત્રામાં શ્રદ્ધા એ છે મજબૂતમાં મજબૂત આધાર. તમારી ઉપર રક્ષણનું આવરણ અને શ્રી માતાજીનો જાગરૂક પ્રેમ રહેલાં છે. એના ઉપર ભરોસો રાખો અને તમારું સ્વરૂપ એના પ્રતિ વધુને વધુ ખુલ્લું થવા દો — પછી એ રક્ષણ અને પ્રેમ હુમલાઓને હાંકી કાઢશે અને તમારો બચાવ કરશે. (CWSA 32 : 304)

***

પ્રભુના નામનું રટણ સામાન્યતઃ રક્ષણાર્થે, આરાધનાર્થે, ભક્તિભાવ દઢ કરવા માટે, આંતર ચેતનાને ખુલ્લી કરવા માટે, ઈશ્વરના એ સ્વરૂપના (નામ સંબંધી) સાક્ષાત્કારાર્થે કરવામાં આવે છે. એને માટે અવચેતનમાં કાર્ય કરવું જરૂર હોય તો નામજપ ત્યાં અસરકારક હોવો જોઈએ. (SABCL 23 : 746)

***

તમે ગમે તે નામનો જપ કરો, એનો પ્રત્યુત્તર આપનારી શક્તિ એ શ્રી માતાજીની શક્તિ છે. દરેક નામ ઈશ્વરના અમુક સ્વરૂપને નિર્દેશે છે અને એ સ્વરૂપ પૂરતું તે મર્યાદિત હોય છે, જ્યારે શ્રી માતાજીની શક્તિ વિશ્વવ્યાપક છે. (SABCL 23 : 747)

***

મંત્ર સીધેસીધો, વધારેમાં વધારે ઊર્ધ્વીકૃત, ઉત્કટતમ, વધારેમાં વધારે દિવ્ય અર્થભારવાળો, છંદોમય શબ્દ છે, કે જે આંતર-દર્શનાજન્ય અને આવિષ્કારક પ્રેરણાને મૂર્તિમંત કરે છે, અને મનમાં આત્માના દર્શનને તથા હાજરીને સ્થાપી આપે છે. વસ્તુઓની અંતરતમ વાસ્તવિકતાને, તેના સત્યને. તેના દિવ્ય આત્મસ્વરૂપોને, જીવંત સત્યમાંથી પ્રગટતા દેવોને મનમાં સ્થાપી આપે છે. અથવા આપણે એમ પણ કહી શકીએ કે તે એક એવી શ્રેષ્ઠ છંદોમય વાણી છે, કે જે દરેક શાન્ત વસ્તુને પકડી, તેના પોતાના અનંતના પ્રકાશ અને અવાજ તેમાં લાવી આપે છે. (CWSA 26 : 217-18)

***

*ૐ એ અવિનાશી શબ્દ છે. ૐ એ અખિલ સૃષ્ટિ છે, અને આ જ છે ૐ નું ભાષ્ય. ભૂત, વર્તમાન અને ભવિષ્ય, જે કંઈ હતું, જે કંઈ છે અને જે કંઈ થવાનું છે એ સર્વ ૐ છે. તે જ પ્રમાણે કાળની મર્યાદાઓથી પર જે કંઈ અસ્તિત્વમાં આવી શકે તે પણ ૐ છે.*

(CWSA : 18-193)



ॐ आनन्दमयि चैतन्यमयि सत्यमयि परमे

OM anandamayi chaitanyamayi
satyamayi parame

# જપ

સામાન્ય રીતે જપ, બેમાંથી એક પરિસ્થિતિ અસ્તિત્વમાં હોય ત્યારે જ સફળ થાય છે – જો એ જપ તેના અર્થની ભાવના સાથે કરવામાં આવતો હોય, અને જે દેવનો એ મંત્ર હોય તેની પ્રકૃતિ, શક્તિ, સૌંદર્ય, અને આકર્ષણ પોતાની ચેતનામાં એ લાવી શકે તેમ હોય, તેના મનન સાથે કરવામાં આવતો હોય – આ મનનો રસ્તો છે. બીજો રસ્તો ઊર્મિ ઉપર આધાર રાખતો હોય છે અને એમાં એ મંત્ર હૃદયમાંથી ઉદ્ભવે છે અને એની અંદર રહેલી ભક્તિની અમુક ભાવના અથવા અર્થનો રણકાર એને જીવંત બનાવતો હોય છે. કાં તો મન કે કાં તો પ્રાણે એને ટેકો અને પોષાણ આપવું જોઈએ. પરંતુ એ જપને કારણે મન શુષ્ક થઈ જતું હોય અને પ્રાણમાં ચંચળતા આવી જતી હોય તો એમ કહી શકાય કે એ જપને જરૂરી ટેકો કે પોષણ મળતું નથી. અલબત્ત, આ સિવાય એક ત્રીજો રસ્તો પણ છે. એમાં કેવળ મંત્રની અથવા નામની શક્તિ ઉપર જ આધાર રાખવામાં આવે છે; પરંતુ એ રીતે જપ કરવા હોય તો જ્યાં સુધી એ મંત્ર કે નામની શક્તિનું આંદોલન આંતર ચૈતન્ય ઉપર એટલા પૂરતા પ્રમાણમાં અસર કરે કે તે અમુક ક્ષણે અચાનક પ્રભુની હાજરી અથવા સ્પર્શ પ્રત્યે ખુલ્લું થઈ જાય, ત્યાં સુધી જપ ચાલુ રાખ્યે જવા પડે છે.

***

ગાયત્રીની શક્તિ એ ભાગવત સત્યનો પ્રકાશ છે. એ જ્ઞાનનો મંત્ર છે.

***

ગાયત્રીમંત્ર આપણા સમગ્ર અસ્તિત્વમાં સત્યની જ્યોતિને પ્રકટાવવાનો મંત્ર છે.

***

હાલ તમે જે પ્રક્રિયાને અનુસરી રહ્યા છો તે તથા ગાયત્રી મંત્રના જપ છોડી દેવા જરૂરી નથી. હૃદયમાં એકાગ્રતા એ છે એક રીત, મસ્તકમાં એકાગ્રતા (અથવા ઊર્ધ્વમાં) એ છે અન્ય પદ્ધતિ. આ યોગમાં બંને પદ્ધતિઓને સમાવી લેવામાં આવી છે અને વ્યક્તિને જે પદ્ધતિ સહેલામાં સહેલી લાગે અને જે એને માટે એકદમ સ્વાભાવિક લાગે તેને એ વ્યક્તિએ અનુસરવાની છે.

***

**પ્રણવ જપ**

એમ મનાય છે કે ૐકારના જપમાં એની પોતાની આગવી શક્તિ રહેલી છે. પરંતુ મંત્રના અર્થને સમજ્યા વગર (એના ચિંતન વગર) જો જપ કરવામાં આવે તો એ મંત્રની શક્તિ પૂર્ણ રીતે અસરકારક બની શકતી નથી. જો કે આ બધી બાબતોમાં કોઈ અફર નિયમ હોતો નથી એવો મારો અભિપ્રાય છે. છેવટે બધી વસ્તુઓનો આધાર સાધકની ચેતના અને પ્રતિક્રિયા કરવાની પોતાની શક્તિ ઉપર રહે છે. ઘણા કિસ્સાઓમાં મંત્રની કોઈ અસર થતી હોતી નથી તો ઘણામાં એ જ

મંત્રની અસર ચિંતન વગર, જલ્દી અને અસરકારક રીતે થતી દેખાય છે - જ્યારે બીજાઓ માટે મંત્રની અસર ઊપજાવવા માટે ચિંતન (Meditation) ની જરૂર રહે છે જ. (SABCL 23 : 748)

***

હું શ્વાસોચ્છ્વાસ સાથે નામ જપની હિમાયત કરતો નથી; કારણ એ પ્રાણાયામ જેવું લાગે છે. પ્રાણાયામ એ ખૂબ જ શક્તિશાળી સાધન છે; પરંતુ એને જો ફાવે તેમ કરવામાં આવે તો એ અવરોધો ઊભા કરવામાં પરિણમી શકે અને અમુક કિસ્સાઓમાં શરીરમાં માંદગી લઈ આવવામાં પણ પરિણમશે.

***

## ગીતાના શ્લોકોનો જપ

ગીતાના શ્લોકોનો ઉપયોગ જપ કરવા માટે કરી શકાય છે, એ શ્લોકો જે સત્યને પોતાની અંદર સમાવતાં હોય એ સત્યનો સાક્ષાત્કાર સિદ્ધ કરવાનો હેતુ હોય તો એમ કરી શકાય. ક્ષના પિતાશ્રીએ ગીતાના પ્રમુખ શ્લોકો (જે ગીતાનું હાર્દ રજૂ કરે છે) પસંદ કર્યા છે તો એ બરાબર છે. સર્વનો આધાર શ્લોકોની પસંદગી ઉપર રહેલો છે. ગીતાનો સુસંગત સક્ષિપ્ત સાર થોડા શ્લોકોને એકસાથે મૂકવાથી સહેલાઈથી રજૂ કરી શકાય એમ નથી. પરંતુ આ પ્રકારના હેતુ (જપ કરવા) માટે એમ કરવું (સંક્ષિપ્ત સાર રજૂ કરવો) જરૂરી નથી. (SABCL 23 : 748)

***

## શ્રી કૃષ્ણના નામનો જપ

**પ્રશ્ન :** હું શ્રી કૃષ્ણના નામનો જપ કરું તો મને એમાં કંઈ નુકસાન થતું હોય એમ લાગતું નથી. શ્રી કૃષ્ણના સત્ સ્વરૂપે જ આપણા પ્રભુ શ્રી અરવિન્દનું રૂપ ધારણ કર્યું છે અને શ્રી કૃષ્ણની પરાશક્તિએ જ આપણાં શ્રી માતાજીનું રૂપ ધારણ કર્યું છે.

**ઉત્તર :** એમાં કોઈ નુકસાન નથી; શ્રી કૃષ્ણના નામનો જપ આ યોગ સાથે અસંગત નથી, એનાથી વિરોધી નથી.

***

## જપની શક્તિ

મંત્ર જપ ઊર્ધ્વની શક્તિ પરત્વે ચેતનાને અભિમુખ કરે છે. મંત્ર શારીરિક ચેતનાનું પરિવર્તન કરી શકે છે એમ હું માનતો નથી. મંત્ર જપ જો અસરકારક હોય તો એ જે કાર્ય કરે છે તે ચેતનાને ખુલ્લી કરે છે અને એ મંત્ર જે શક્તિનું પ્રતિનિધિત્વ કરતો હોય છે એ શક્તિને ચેતનામાં લઈ આવે છે.

***

જ્યારે કોઈ વ્યક્તિ અમુક મંત્રનો નિયમિત રીતે જપ કરે છે ત્યારે ઘણુંખરું એ મંત્રનું તેના અંતરમાં આપોઆપ રટણ થયે જવાની શરૂઆત થાય છે. એનો અર્થ એમ થાય કે એ મંત્રને આંતર સ્વરૂપે પણ ગ્રહણ કર્યો છે અને એ રીતે એ વધુ અસરકારક બને છે.

***

**યંત્રવત થતા જપ પણ અવચેતન પર અસર કરે છે**

**પ્રશ્ન :** આપણે માટે (જે લોકો પૂર્ણ સાક્ષાત્કારનું ધ્યેય રાખે છે) આ બધા મંત્રો અને રોજ એના જપ કરવા શું સહાયરૂપ થાય છે કે પછી એ પણ આપણને કોચલામાં જ પૂરી રાખે છે ?

**ઉત્તર :** એ શિસ્ત શીખવે છે. એ વિચારની શિસ્ત કરતાં વધુ ચારિત્રની લગભગ અવચેતન શિસ્ત છે. એ છે લગભગ શારીરિક શિસ્ત. વધુમાં મેં એ અનુભવ્યું છે કે મંત્ર જપની અવચેતન ઉપર અચેતન ઉપર, પદાર્થ તત્ત્વ ઉપર, શરીરના કોષો ઉપર સંગઠિત કરતી અસર થતી હોય છે – એને માટે સમય લાગે છે, પરંતુ ધૈર્યપૂર્વક જપ કરતા રહેવાથી લાંબે ગાળે એની અસર થ તી હોય છે. આ પણ પિયાનો ઉપર રોજ અભ્યાસ  કરવા જેવું છે. તમે યાંત્રિક રીતે જપનું રટણ કરતા રહો અને અંતે તમારે ફાળે આવે છે ચેતના – સભાનતા – જપ શરીરને ચેતનાથી સભર કરી દે છે.

(Conversation with a disciple : Sept. 20, 1960)

***

**શિષ્ય :** કીર્તનમાં મોટો અવાજ કાઢવાથી કેવી રીતે મદદ મળી શકે ?

**શ્રી અરવિન્દ :** તમે કયા પ્રકારની મદદની ખેવના રાખો છો એના ઉપર એનો આધાર છે. તમે લાગણીસભર અતિ આનંદની અવસ્થામાં પ્રવેશવા માગતા હો તો શારીરિક ઉત્તેજના, બૂમબરાડા અને નાચગાન એમાં મદદરૂપ થઈ શકે. માણસ જો લાયક હોય તો આ બધા દ્વારા આધ્યાત્મિક અનુભૂતિ કદાચ પ્રાપ્ત કરી શકે. પરંતુ મોટે ભાગે આ બધી પ્રાણમય ક્રિયાઓ છે અને એટલે જ એ બે-ધારી હોય છે – મોટા ભાગના કિસ્સામાં એની વૃત્તિ નિમ્નગામી હોય છે.

(Conversation with a disciple)

*

# શ્રી અરવિન્દ રચિત ગાયત્રી

**तत् सवितुर्वरं रुपं ज्योतिः ! परस्य धीमहि । यन्नः सत्येन दीपयेत् ।।**

અર્થાત્ - સવિતૃદેવનું સર્વોત્તમ શુભ સ્વરૂપ એવી પરમાત્મજ્યોતિનું અમે ધ્યાન ધરીએ છીએ; પરમ સત્યથી એ અમને પ્રજ્વલિત બનાવો !

અન્વયઃ

सवितुः (સવિતૃદેવનું) परस्य (પરમનું) वरम् (શુભતમ્) रुपम् (સ્વરૂપ) तत् (તે) ज्योतिः (જ્યોતિ) धीमहि (અમે ધ્યાન ધરીએ) यत् (જે) नः (અમને) सत्येन (સત્યથી) दीपयेत् (પ્રજવલિત બનાવો)

***

શ્રી અરવિન્દને સંમત એવું શ્રી કપાલી શાસ્ત્રીએ આ મંત્રનું જે વિવરણ કર્યું છે તે આ પ્રમાણે છે :-

**ભાવાર્થ :** સર્વના સર્જનહાર પરમ પુરુષ પરમાત્માના સર્વોત્તમ રૂપ જે પરમ જ્યોતિ, તેનું અમે ધ્યાન ધરીએ છીએ. ઉપરનાં ભુવનોના બનેલા ગોળાર્ધમાં જે પ્રકૃતિરૂપે આવિર્ભાવ પામ્યું છે તે પરમાત્માના સ્વરૂપનાં યોગની દૃષ્ટિએ દર્શન થાય છે. સવિતૃદેવની એ પરમ જ્યોતિ અમને પ્રકાશિત કરો, સત્યથી દેદીપ્યમાન બનાવો, પરમ સત્યરૂપ ને એની પ્રભાથી અભિન્ન એવી આત્માવસ્થાને પ્રાપ્ત કરાવો ! આપણા જીવનની યાત્રાને માર્ગે સત્યજ્યોતિની, પરમ સવિતૃદેવના સર્વોત્તમ સ્વરૂપ રૂપ જ્યોતિની ધ્યાન દ્વારા પ્રાપ્તિ અહીં પ્રતિપાદિત થયેલી છે. જ્યોતિનું સ્તવન જ્યોતિષ્માનનું (જે જ્યોતિર્મય છે તેનું પણ) સ્તવન બનેલું છે. કેમકે જ્યોતિ અને જ્યોતિઃસ્વરૂપ, શક્તિ અને શક્ત (શક્તિ જેની છે તે) સત્યસ્વરૂપે એક હોવા છતાં એમના દ્વૈતનો સ્વીકાર કરવામાં આવ્યો છે. અને અહીંયા ભગવત્સ્વરૂપ શ્રી અરવિન્દે જે માતૃસ્વરૂપની સાધના ઉપદેશેલી છે તે સાધના સાથે આ ગાયત્રી મંત્ર બંધબેસતો બની જાય છે.

આ तत्सवितुः ...મંત્રના

ऋषि છે શ્રી અરવિન્દ,

છંદ છે ગાયત્રી.

દેવતા છે પરમજ્યોતિઃ સ્વરૂપ શ્રી માતાજી.

***

શ્રી અરવિન્દના પૂર્ણયોગના સાધકને માટે આ ગાયત્રી મંત્ર જે સૂચન ને મૂલ્ય ધરાવે છે તે તો સ્પષ્ટ જ છે. એ મંત્ર દ્વારા જેનું આવાહન કરવામાં આવ્યું છે તે પરમ જ્યોતિનું મૂર્ત્તિમંત સ્વરૂપ શ્રી માતાજી છે. આ મૂર્ત્તિમંતી ભગવતી પરમ જ્યોતિ સાધકમાં યોગ પ્રક્રિયાની

પ્રવૃત્તિઓનાં મંડાણ કરે છે અને એને અતિમનસના મહાધામના મુકુટ મણિરૂપ સાક્ષાત્કાર પ્રતિ દોરી જાય છે. એટલા માટે જ એ ભગવતી જગદંબા જ આ ગાયત્રી-મંત્રની ઉચિત દેવતા છે. વળી મંત્રદષ્ટા તથા પૃથ્વીલોક ઉપર સત્યલોકના જ્યોતિર્મય દિવ્ય જીવનના સ્રષ્ટા તથા સંપ્રેરક શ્રી અરવિન્દની કર્મણ્યકુશલ અધ્યાત્મ-શક્તિઓ આ ગાયત્રીમંત્રમાં સભર ભરેલી હોવાથી એને રાજ-જ્યોતિનું રઢિયાળું નામ આપી શકાય. આ રાજ-જ્યોર્તિમય મહામંત્ર માનવના બળનો પરાત્પર મહાશક્તિ* સાથે સંયોગ કરાવી આપે છે અને આ યોગનું જે લક્ષ્ય છે તેની પરમ ભવ્ય પૂર્ણાહુતિએ પહોંચાડવા રૂપ સિદ્ધિને સુનિશ્ચિત બનાવી દે છે.

અનુવાદ : શ્રી પૂજાલાલ — શ્રી એમ. પી. પંડિત

## ગાયત્રી મંત્ર


ॐ तत्सवितुर् वरं रूपं ज्योतिः परस्य धीमहि ।
यन्नः सत्येन दीपयेत् ॥
—Sri Aurobindo

રૂપ ઉત્તમ તે જ્યોતિ સવિતા પરમાત્મની
ધ્યાયીએ, અમને જેહ કરો દીપિત સત્યથી.

*

આ છે શ્રી અરવિન્દની 'ગાયત્રી'. શ્રી અરવિન્દે ઋગ્વેદની પરંપરાગત ગાયત્રીમાં ફેરફાર કરીને પોતાના અતિમનસના પૂર્ણયોગનો, દિવ્ય સત્ય ચેતનાનો નૂતન સાક્ષાત્કાર અભિવ્યક્ત કરવા આ નૂતન ગાયત્રીની રચના કરી છે. (White Roses: 32)



ॐ असतो मा सद्गमय। तमसो
मा ज्योतिर्गमय। मृत्योर्माऽमृतं
गमय॥ ॐ शान्तिः शान्तिः शान्तिः॥

तथास्तु

# મંત્ર અને પૂર્ણયોગ

આ યોગમાં કોઈ નક્કી કરેલા મંત્રો નથી; મંત્રો ઉપર કોઈ ભાર મૂકવામાં આવતો નથી તેમ છતાં સાધકને જો મંત્ર સહાયભૂત લાગતો હોય અથવા જ્યાં સુધી તેમને સહાયભૂત થતો હોય ત્યાં સુધી તેનો ઉપયોગ કરી શકે છે. આ યોગમાં વધુ ભાર ચેતનાની કોઈ અભીપ્સામાં અને મન, હૃદય સંકલ્પ અને સમગ્ર સ્વરૂપની એકાગ્રતા ઉપર મૂકવામાં આવે છે. જો તેને માટે કોઈ મંત્ર મદદરૂપ લાગે તો માણસ તેનો ઉપયોગ કરે છે.

ૐ નો જો સાચી રીતે ઉપયોગ કરવામાં આવે (નહિ કે યાંત્રિક રીતે) તો માણસને ઊર્ધ્વ તરફ અને બાહ્ય તરફ (વૈશ્વિક ચેતના) તેમ જ અવતરણ તરફ ખુલ્લા થવા માટે તે ઘણી સારી રીતે મદદરૂપ બને છે.

***

નિયમ મુજબ આ સાધનામાં કેવળ એક જ મંત્ર ઉપયોગમાં લેવાય છે અને તે છે માતાજીનું નામ અથવા મારું અને માતાજીનું નામ. હૃદયમાં એકાગ્રતા અથવા મસ્તકમાં એકાગ્રતા બન્ને થઈ શકે છે. દરેકનું પોતાનું પરિણામ હોય છે – હૃદયની એકાગ્રતા ચૈત્ય પુરુષને ખુલ્લો કરે છે અને ભક્તિ, પ્રેમ અને માતાજી સાથે એકતા લાવે છે તથા હૃદયમાં તેમની હાજરી અને પ્રકૃતિમાં તેમના બલનું કાર્ય લાવે છે. બીજા પ્રકારમાં મનની એકાગ્રતામાં, તે મનને આત્મ-સાક્ષાત્કાર પ્રત્યે તથા મનથી પર રહેલી ચેતના પ્રત્યે ખુલ્લું કરે છે તથા શરીરમાંથી ચેતનાનું ઊર્ધ્વીકરણ થાય છે અને ઊર્ધ્વતર ચેતનાનું શરીરમાં અવતરણ કરે છે. (SABCL 23 : 545-46)

***

**પૂર્ણયોગમાં કોઈ નક્કી કરેલ માનસિક પદ્ધતિ નથી.**

આ યોગની સાધના કોઈ નક્કી કરેલા માનસિક ઉપદેશ દ્વારા, કે ધ્યાનની કોઈ રચી આપેલી પદ્ધતિ દ્વારા, કોઈ મંત્ર કે અન્ય સાધના દ્વારા થતી નથી. આ યોગનાં સાધન છે પ્રભુ માટે જાગતી ઝંખના, – અભીપ્સા, અંતઃકરણની અંદર યા તો ઊર્ધ્વમાં કરાતી ચેતનાની એકાગ્રતા – ધ્યાન. આપણાથી ઉપર આવી રહેલી પોતાનો પ્રભાવ પાથરતી દિવ્ય શક્તિ પ્રત્યે, એના કાર્ય પ્રત્યે, હૃદયમાં રહેલી પ્રભુની દિવ્ય ચેતનાની ઉપસ્થિતિ પ્રત્યે આપણા અંતઃકરણને ખુલ્લું કરવું – એનું ઉન્મિલન કરવું અને આ તત્ત્વોથી વિરુદ્ધની હોય તેવી તમામ વસ્તુઓનો પરિત્યાગ કરવો. શ્રદ્ધા, અભીપ્સા અને સમર્પણ એ ત્રણ વસ્તુ દ્વારા જ અંતઃકરણનું આ ઉન્મિલન સાધી શકાય છે. (SABCL 23 : 505)

***

## શ્રી માતાજીના નામ સિવાય કોઈ અન્ય મંત્ર નહિ

ભારતમાં ગુરુ શિષ્યનો સ્વીકાર કરે તે તુર્ત મંત્રદીક્ષા આપે છે અને શિષ્યને મંત્રજપ વડે સાધના પથ ઉપર આગળ પ્રયાણ કરવા જણાવે છે. અમે શ્રી માતાજીના નામ સિવાય અન્ય કોઈ મંત્ર આપતા નથી. **સામાન્યતઃ અમે શિષ્યોને કાર્ય સોંપીએ છીએ, એમને અભીપ્સા સેવવા, પરિત્યાગ કેળવવા તથા શ્રી માતાજી પરત્વે ખુલ્લા થવા જણાવીએ છીએ.** (CWSA 32 : 139)

***

શ્રી માતાજીનું સ્મરણ કરો અને સ્થૂળ રીતે તેમનાથી દૂર હોવા છતાં તેમની હાજરીને તમારી ભીતરમાં અનુભવવા પ્રયત્ન કરો અને તમારું આંતરસ્વરૂપ તમને શ્રી માતાજીનો જે સંકલ્પ હોવાનું જણાવે તે પ્રમાણે કાર્ય કરો ત્યારે તમે મારી અને એમની હાજરી સારામાં સારી રીતે અનુભવી શકશો અને અમારું વાતાવરણ તમારી આસપાસ એક રક્ષણ તરીકે, શાંતિના વિસ્તાર તરીકે અને તમારી સાથે સર્વ સ્થળે રહેતા પ્રકાશ તરીકે તમે સાથે લઈ હરીફરી શકશો.

***

## શ્રી માતાજીને પુકાર કરો અને એમનું ધ્યાન ધરો

તમારા પત્રના જવાબમાં શ્રી અરવિન્દ જણાવે છે કે તમે હૃદયમાં શ્રી માતાજીનું ધ્યાન ધરો અને એમને પુકાર કરો – એમનું સ્મરણ કરો અને તમારી સમગ્ર જીવનશક્તિ, સર્વ વિચારો અને સર્વ કાર્યો એમને અર્પણ કરો. તમને ઠીક લાગે તો એમના નામનો જપ કરો. તમારા સ્વરૂપની શુદ્ધિ માટે અને પ્રકૃતિના પરિવર્તન માટે તમે શ્રી માતાજીનું આહ્‌વાન કરી શકો છો. (CWSA 32 : 154-55)

***

## શરીરની સાધના માટે મંત્ર આવશ્યક છે

મને એ પણ અનુભૂતિ થઈ ચૂકી છે કે શરીરની આ સાધના (રૂપાંતરની સાધના) માટે મંત્ર આવશ્યક છે...

...ફક્ત જપ શરીર ઉપર સીધેસીધું કાર્ય કરી શકે છે.

હું મારો મંત્ર જપ સતત ચાલુ રાખું છું. જાગ્રત હોઉં ત્યારે, સૂઈ ગઈ હોઉં ત્યારે પણ, વસ્ત્ર પરિધાન કરતી વખતે, દરેક વખતે એ જપ બાહ્ય કાર્યોની પાર્શ્વભૂમિકામાં સતત ચાલુ જ રહેતો હોય છે.

ખરું જોતાં, મંત્ર જપ કરનાર વ્યક્તિ અને મંત્ર જપ ન કરનાર વ્યક્તિ વચ્ચેનો તફાવત તમે તુર્ત નોંધી શકો છો. મંત્ર જપ ન કરનારા ભલે સઘન ધ્યાન અને એકાગ્રતાની અવસ્થામાં રહેતા હોય, તેમ છતાં તેમની આસપાસ કંઈક અસ્પષ્ટતા, અનિશ્ચિતતા રહેલી તમને જોવા મળશે. જ્યારે જપ કરનારાઓને મંત્રના રટણથી એક પ્રકારની સ્પષ્ટતા, નિશ્ચિતતા પ્રાપ્ત થાય છે. જપ એમને એક આધારભૂત રૂપરેખા પૂરી પાડે છે.

(Conversation with a disciple May 19, 1959)

***

## મંત્રો સાથેની દિવ્ય માતાજીની કેટલીક અનુભૂતિઓ

મારી પાસે મંત્રોનો આખો ભંડાર છે. એ બધા મંત્રો મને સહજ પ્રાપ્ત થયા છે, મનમાં ઉદ્ભવેલા મંત્રો નહિ. જે રીતે વેદો પ્રકટ થયા એમ કહેવાય છે તે જ રીતે આ મંત્રો આપોઆપ પ્રકટ થયેલા છે.

આ પ્રકટીકરણની શરૂઆત ક્યારે થઈ તે મને યાદ નથી, કદાચ મારા અહીં (પોંડિચેરી) આવતા પહેલાં, ઘણા સમય અગાઉ એ શરૂઆત થઈ હશે. થોડાક મંત્રો હું અહીં આવી પછી પણ પ્રકટ થયા છે. પરંતુ એ બધાજ મંત્રો હંમેશા ટૂંકા જ હોય છે. દા.ત. શ્રી અરવિન્દ જ્યારે દેહમાં હાજર હતા ત્યારે કોઈ પણ ક્ષણે, કોઈ પણ મુશ્કેલીના સમયે, અથવા તો કોઈ પણ કારણસર મારા મોમાંથી આ જ શબ્દો નીકળી પડતા 'મારા પ્રભુ !' – સરળતાથી અને સહજભાવે – 'મારા પ્રભુ !' અને તુર્તજ સંપર્ક સધાઈ જતો. પરંતુ શ્રી અરવિન્દના દેહત્યાગ બાદ આ મંત્ર આવતો બંધ થઈ ગયો.

* * *

હાલ મને સતત એક સંસ્કૃત મંત્ર સંભળાઈ રહ્યો છે :

ॐ नमो भगवते ।

મારી આસપાસ, સર્વત્ર આ મંત્ર સંભળાઈ રહ્યો છે, આ મંત્ર શરીરના બધા કોષોમાં વ્યાપી જાય છે અને એમ થતાં જ આ કોષો આરોહણની ગતિ ધારણ કરે છે. અને પેલો નારદનો મંત્ર પણ :

નારાયણ, નારાયણ...

પરંતુ અત્યારના સંજોગોમાં, બધા મંત્રોમાંથી જે મંત્ર શરીર પર સીધેસીધી અસર ઉપજાવે છે, જે બધાજ કોષોમાં વ્યાપી જઈ આંદોલનો જગવી મૂકે છે (હાલવાની ક્રિયા) તે છે સંસ્કૃત મંત્ર :

ॐ नमो भगवते ।

જેવી હું ધ્યાનમાં બેસું, શાંત ચિત્તે જ્યારે પણ મને એકાગ્રતા કરવાની ક્ષણો પ્રાપ્ત થાય છે ત્યારે હંમેશાં શરૂઆત આ જ મંત્રથી થાય છે, અને શરીરમાં તુર્તજ તેની પ્રતિક્રિયા પણ અનુભવાય છે, શરીરના કોષોમાં પણ આ પ્રતિક્રિયા ચાલુ થઈ જાય છે, કોષોમાં સ્પંદનો જાગી ઊઠે છે.

...એ મંત્ર અહીંથી ઉદ્ભવ્યો હતો, (શ્રી માતાજી પેટના પાછળના ભાગમાં આવેલી મજ્જાતંતુની જાળ તરફ નિર્દેશ કરે છે) આ રીતે, ઓમ...નમો...ભગવતે, ઓમ...નમો... ભગવતે... ઓમ નમો ભગવતે... એ એક સઘન અનુભૂતિ હતી. પંદર મિનિટ સુધી એ ધ્યાનાવસ્થામાં આખુંયે અસ્તિત્વ પ્રકાશથી પૂર્ણ સભર બની ગયું હતું ! એ સ્વર જ્યારે ઊંડે હતો (ઉદ્ભવસ્થાનમાં) ત્યારે એનો રંગ સોનેરી બ્રોંઝ જેવો હતો, ગળા આગળ એનો રંગ હતો લાલ, ઊર્ધ્વ સ્તરે એનો રંગ મેઘધનુષ્ય જેવી સફેદ જ્યોતિ સમાન હતો. ૐ નમો ભગવતે, ૐ

નમો ભગવતે, ૐ નમો ભગવતે.

એક દિવસ હું જ્યારે મારા ઉપરના બાથરૂમમાં હતી ત્યારે એ મંત્ર એકાએક ઊતરી આવ્યો, એણે મારા સમગ્ર શરીરને આવરી લીધું. અગાઉ વર્ણવ્યું તેમ એ નીચેથી ઉપર તરફ પ્રકટ થયો, શરીરના બધા કોષો ધ્રુજારી અનુભવતા હતા અને એનો પ્રભાવ એટલો બધો હતો કે મેં મારી બધી ક્રિયાઓને થંભાવી દીધી, નિશ્ચલ બની જઈ મેં એની અસરને વિકસવા દીધી. એ આંદોલન પ્રસાર પામતું રહ્યું, વિસ્તૃત થતું જ રહ્યું, અને એ અવાજ પણ વિસ્તરતો જતો હતો, શરીરના બધા જ કોષો અભીપ્સાની તીવ્રતાથી મસ્ત થઈ ગયા હતા... જાણે કે આખું શરીર વિસ્તાર પામી રહ્યું હતું; એ અનુભૂતિ અસહ્ય બની રહી હતી, મને લાગ્યું કે આખું શરીર ફાટી જશે.

જે લોકો આ અનુભૂતિની સમગ્રતાને ખાતર બીજું સર્વ કાંઈ છોડી દે છે તેમના વલણને હું તે સમયે સમજી શકી.

અને એનામાં રૂપાંતરની એવી તો શક્તિ સમાયેલી છે ! મને લાગ્યું કે હું જો આ અનુભવને ચાલુ રાખીશ તો કંઈક અવનવું બની જશે – શરીરના કોષોની સમતુલામાં પરિવર્તન જેવું કંઈક બની આવે.

કમનસીબે હું એ ચાલુ રાખી શકી નહિ, કારણ... મારી પાસે સમય ન હતો... બાલ્કની દર્શન પહેલાંનો જ એ સમય હતો અને હું મોડી પડું એમ હતું. તેવામાં એક અવાજ આવ્યો ખરો, 'આ એવા લોકો માટે છે, જેમને કંઈ કાર્ય કરવાનું હોતું નથી' પછી મેં જવાબ વાળ્યો 'મારે તો મારું કાર્ય છે.' ('I belong to my work') અને ધીરે રહીને એમાંથી મેં મારી જાતને પાછી ખેંચી લીધી. પછી મેં જોયું તો જે અસર ઉત્પન્ન થઈ હતી તે અટકી ગઈ હતી. પરંતુ હવે જ્યારે પણ હું એ મંત્રનું રટણ કરું છું ત્યારે બધા કોષોમાં સ્પંદનો જાગ્રત થઈ જાય છે...

* * *

આ મંત્ર, ૐ નમો ભગવતે, મને અમુક સમય પછી પ્રાપ્ત થયો હતો, હું મારી જાતને જ કહી રહી હતી... મારે મારો અલગ મંત્ર હોવો જોઈએ એવું મને લાગી રહ્યું હતું, આ શરીરને જગતમાં જે કાર્ય કરવાનું છે તે કાર્યને સુસંગત એવા એક મંત્રની જરૂર મને અનુભવાતી હતી. અને તે જ સમયે આ મંત્ર મને આવી મળ્યો. આપમેળે જે જરૂરિયાત અનુભવાતી હતી તેના પ્રત્યુત્તર રૂપે આ મંત્ર મને પ્રાપ્ત થયો હતો. આમ તમને પણ જો જરૂરિયાત અનુભવાય, ત્યાં તમારા મસ્તકમાં નહિ, અહીંયા, (શ્રી માતાજી પોતાના હૃદયના ભાગ તરફ ઇશારો કરે છે) તો તમને પણ એ મળી આવશે. એક દિવસ તમે શબ્દો સાંભળશો, અથવા તો એ મંત્ર તમારા હૃદયમાંથી આપોઆપ પ્રકટ થશે... અને આમ જ્યારે તમારો મંત્ર પ્રકટ થાય ત્યારે તમારે એને વળગી રહેવું જોઈએ. (Conversations with a disciple May 19, 1959)

* * *

## ૐ નમો ભગવતે

## (મોના સરકારનો શ્રી માતાજી સાથેનો વાર્તાલાપ)

શ્રી માતાજી :- આ જાન્યુઆરી માસ ચાલે છે ?

હા, માતાજી, જાન્યુઆરી છે.

અહીં જે લખેલું છે તે વાંચ.

(પ્રતિમાસ હું ફૂલોનાં ચિત્રો દોરેલું એક મોટું કેલેન્ડર શ્રી માતાજી પાસે લઈ જતો અને શ્રી માતાજી એના ઉપર પ્રાર્થના લખી આપતાં)

'શ્રી અરવિન્દના આ જન્મશતાબ્દી વર્ષમાં આપણે એમને લાયક બનવાના પ્રયત્નો કરીએ'...

અને પછી ?

'... પ્રામાણિક પણે એમના સંદેશને અનુસરી, અને એ રીતે અતિમાનવના આગમનની તૈયારી કરીને.

નવા વર્ષની શુભેચ્છાઓ.'

(ફૂલોના ચિત્રને દર્શાવી) આ કયું ફૂલ છે ?

'અતિમાનવતા'

હેં ?

'આ ફૂલનું નામ અતિમાનવતા'

કયું ફૂલ ?

'આ ડેહલિયાનું ફૂલ છે'

(શ્રી માતાજી ફેબ્રુઆરી માસ માટેની પ્રાર્થના લખે છે અને એની નીચે ૐ દોરે છે)

'પરમ સુખમય સમર્પણ દ્વારા પ્રકૃતિ ઈશ્વરને પાછા શોધી કાઢે છે'

ૐ

ૐ ની મદદ વડે ઈશ્વરનો સાક્ષાત્કાર કરી શકાય છે. ૐ માં રૂપાંતરકારી શક્તિ રહેલી છે. ૐ ઈશ્વરની પ્રતિકૃતિ છે.

અવશ્ય, એ ઈશ્વરની પ્રતિકૃતિ છે, ઈશ્વરનું પ્રતીક છે. ૐ એ ધ્વનિ છે.

ધ્વનિ - * એમ જણાવાયું છે કે આખા જગતની અભીપ્સાઓ જ્યારે ઈશ્વર પ્રતિ વળે છે ત્યારે ઓ...મ જેવો ધ્વનિ કરે છે.* (શ્રી માતાજી ૐ શબ્દનો મંત્રોચ્ચાર કરે છે)

હા. માતાજી.

(શ્રી માતાજી ઉચ્ચારણ કરે છે)

*અને માટેજ તેઓ 'ૐ' નું ઉચ્ચારણ કરે છે.*

ફરી એક વખત, માતાજી, મહેરબાની કરી એક વખત.

શું ?

'ૐ'

અતિશય સુંદર, તમે બહુ સુંદર રીતે ઉચ્ચારણ કરો છો. (શ્રી માતાજી ખડખડાટ હસે છે)

ઓ...મ.

અને હવે ?

સર્વ સ્થળે બસ આ પ્રમાણે જ* ઓ...મ. ઓ...મ.

હા, માતાજી

સાંભળ, હું તે સમયે ફ્રાંસમાં હતી, મને લાગે છે ૬૦ વર્ષ પહેલાંની આ વાત છે, એક ફ્રેંચ ગૃહસ્થની. એ ગૃહસ્થ હિમાલયમાં જઈ આવ્યા હતા. મેં એમનું એક પ્રવચન સાંભળ્યું હતું. તેઓએ જણાવ્યું હતું કે પોતે જ્યારે હિમાલયમાં હતા ત્યારે તેમને એક અજાણ્યા સન્યાસીનો ભેટો થઈ ગયો હતો. સન્યાસીએ તેમને ૐ મંત્ર આપ્યો હતો અને તુર્તજ એમનામાં સંપૂર્ણ પરિવર્તન સધાઈ ગયું હતું. અને એ ગૃહસ્થે પોતે જ્યારે ૐ નું ઉચ્ચારણ કર્યું ત્યારે મને પણ એજ પ્રકારની પરિવર્તનની અનુભૂતિ થઈ હતી... જાણે કે પ્રભુ પોતે મારા અંતરમાં ઊતરી રહ્યા હતા... ઓ...મ.

આમ વાત છે, સરસ, સુંદર, આ રહસ્યને તારા અંતરમાં સમાવી રાખજે.

હા, માતાજી.

તારે યાદ કરવાનું... ઓ...મ ઓ...મ. બસ એટલું જ. ઓ...મ. એનો આવિર્ભાવ થવો જ જોઈએ.

જો કોઈ મુશ્કેલી ઊભી થાય તો ૐ નું રટણ ચાલુ કરી દેજે ને બધું બરાબર થઈ જશે.

(Sweet Mother, recollected by Mona Sarkar)

***

## 'સાવિત્રી' - રૂપાંતર માટેનો મંત્ર

...તો પછી એમ કહેવાય કે 'સાવિત્રી' એક આવિષ્કાર છે, એક ધ્યાન છે, અનંતની, સનાતન શોધ છે. અમૃતત્વની આ અભીપ્સા સાથે જો એ વાંચવામાં આવે તો વાંચન પોતે જ અમૃતત્વની દિશામાં એક માર્ગદર્શકનું કાર્ય કરશે. 'સાવિત્રી'નું પઠન સાચે જ યોગાભ્યાસ છે, આધ્યાત્મિક એકાગ્રતા છે : પરમાત્માનો સાક્ષાત્કાર કરવા માટે જે કંઈ જરૂરનું છે તે બધું એમાંથી મળી શકે છે. યોગના પ્રત્યેક પગથિયાનો એમાં ઉલ્લેખ થયેલો છે ને સાથે સાથે બીજા બધા યોગોનાં રહસ્યોનો પણ. બેશક, માણસ જો સાચા હૃદય ભાવથી પ્રત્યેક કડીમાં અહીં જે પ્રકટ કરવામાં આવ્યું છે તેનું અનુસરણ કરે તો વિજ્ઞાનયોગના દિવ્ય રૂપાંતરે આખરે એ પહોંચશે. ખરેખર, 'સાવિત્રી' એક અચૂક ભોમિયો છે, જે ભોમિયો આપને કદી છોડીને જતો રહેતો નથી; યોગમાર્ગનું અનુસરણ કરવાની આસ્પૃહા રાખનારને હમેશાં એનો આધાર મળતો રહે છે. 'સાવિત્રી'ની એકએક કડી પ્રકટ થયેલા મંત્ર સમાન છે ને એ જ્ઞાનની દૃષ્ટિએ માણસે જે કંઈ પોતાનું બનાવ્યું છે તેનાથી ચઢી જાય છે, અને હું ફરીથી કહું છું કે 'સાવિત્રી'ના શબ્દો એવી રીતે અભિવ્યક્ત થયા છે ને એવી રીતે ગોઠવાયા છે કે તેમના લયના ધ્વનિની સૂરતા તમને આદિ નાદ 'ઓમ્' પ્રત્યે દોરી જાય છે. (મોના સરકાર સાથેના વાર્તાલાપમાંથી)



*OM has a transforming power. OM represents the Divine.*

**The Mother**

# અવિનાશી શબ્દ

## (માંડૂક્ય ઉપનિષદ)

(૧) ૐ એ અવિનાશી **શબ્દ** છે. ૐ એ અખિલ સૃષ્ટિ છે, અને આ જ છે ૐ નું ભાષ્ય. ભૂત, વર્તમાન અને ભવિષ્ય, જે કંઈ હતું, જે કંઈ છે, અને જે કંઈ થવાનું છે એ સર્વ ૐ છે. તે જ પ્રમાણે કાળની મર્યાદાઓથી પર જે કંઈ અસ્તિત્વમાં આવી શકે તે પણ ૐ છે.

(૨) સમગ્ર સૃષ્ટિ એ શાશ્વત બ્રહ્મ છે. **આત્મા** પણ શાશ્વત છે અને એનાં ચાર સ્વરૂપો છે.

(૩) **'તે'** કે જે જાગ્રત અવસ્થામાં છે, બાહ્ય વ્યવહારમાં જે પ્રાજ્ઞ છે, જેને સાત અવયવો છે, ઓગણીસ દ્વાર છે, જે સ્થૂળ પદાર્થોને અનુભવી શકે છે, ભોગવી જાણે છે, **'તે'** વૈશ્વાનર, વિશ્વ વ્યાપક પુરુષ, તે છે પ્રથમ.

(૪) **'તે'** કે જે સ્વપ્નાવસ્થામાં છે, આંતરિક વ્યવહારમાં જે પ્રાજ્ઞ છે, જેને સાત અવયવો છે, ઓગણીસ દ્વાર છે, જે સૂક્ષ્મ પદાર્થોને અનુભવી શકે છે, માણી શકે છે, **'તે'** છે તેજસ, જેનો નિવાસ તેજસ્વી મનમાં રહેલો છે, તે છે દ્વિતીય.

(૫) માણસ જ્યારે નિદ્રાવસ્થામાં હોય અને એમાં એને કોઈ ઇચ્છા, ઝંખના, ઉત્કંઠા ન રહે, એને કોઈ સ્વપ્ન પણ દેખાય નહિ, એ અવસ્થાને પૂર્ણ સુખનિદ્રા કહેવામાં આવે છે.

**'તે'** કે જે પૂર્ણ સુખનિદ્રાની અવસ્થામાં છે, જે પોતે એકત્વ બન્યો છે, જે પોતે, પોતાનામાં સમાયેલી પ્રજ્ઞા રૂપે છે, જે ફક્ત આનંદ સ્વરૂપ છે, જે નિરપેક્ષ આનંદ માણી શકે છે, જેને માટે જાગ્રત મન એ એક માર્ગ છે, **'તે'** પ્રાજ્ઞ, પ્રજ્ઞાનો ઈશ્વર, તે છે તૃતીય.

(૬) આ છે સર્વશક્તિમાન, સર્વજ્ઞ, આ છે આંતર પુરુષ, સૃષ્ટિનું ઉત્પત્તિ સ્થાન, આ છે જીવમાત્રની ઉત્પત્તિ અને વિનાશ.

(૭) **'તે'** જે આંતર વ્યવહારમાં પ્રાજ્ઞ નથી કે બાહ્ય વ્યવહારમાં પણ પ્રાજ્ઞ નથી. અને આંતર તથા બાહ્ય બંને વ્યવહારોમાં પણ પ્રાજ્ઞ નથી. જેણે પ્રજ્ઞાને પોતાનામાં સમાવી નથી કે પ્રજ્ઞાને પોતે ધારણ પણ કરેલી નથી. **'તે'** જે અદ્રશ્ય છે, જેની સાથે વ્યવહાર જાળવી શકાતો નથી, જેને સ્પર્શ કરી શકાતો નથી, જે નિરાકાર છે, અકલ્પ્ય છે, જેને કોઈ નામ આપી શકાતું નથી, એના એકાકી અસ્તિત્વમાં આત્માનું જ્ઞાન હોવું એ જ જેનો સાર છે, જેનામાં સર્વ ઘટનાઓ વિરામ પામી જાય છે, જે **શાંત** છે, જે **શુભ** છે, જે 'એક' છે, અદ્વિતીય છે. તેને તેઓ ચતુર્થ ગણે છે, **'તે'** છે **'આત્મા'** **'તે'** છે જ્ઞાન માત્રનું લક્ષ્ય.

(૮) હવે આ જે **આત્મા** છે, જે અવિનાશી **શબ્દ** છે, તે છે ૐ અને જે અક્ષરો છે, તે, **'તે'**ના અંગો છે, અને **'તે'**ના અંગો એ આ અક્ષરો છે; અ, ઉ, ને મ્.

(૯) જે જાગ્રત અવસ્થામાં છે, વૈશ્વવ્યાપક પુરુષ, **'તે'** છે અ – પ્રથમ અક્ષર – એની પ્રારંભિકતાને અને વ્યાપકતાને લઈને, જે **'તે'** ને તેના આ વ્યાપને લઈને જાણે છે અને આમ પોતાની સર્વકામનાઓને સાધી લે છે તે છે ઉગમસ્થાન, અને એજ છે પ્રથમ.

(૧૦) જે સ્વપ્નાવસ્થામાં છે, તેજસ, તેજસ્વી મનમાં નિવસેલ, **'તે'** છે ઉ – બીજો અક્ષર – એની પ્રગતિ અને કેન્દ્રિયતાને લઈને. જે **'તે'** ને તેના ગુણો સહિત જાણે છે, તે પોતાના જ્ઞાનની સીમાઓને ઓળંગી જાય છે, તે દ્વંદ્વથી પર થઈ જાય છે; તેનું એવું કોઈ બીજ જન્મ પામતું નથી જેને શાશ્વતનું જ્ઞાન ન હોય.

(૧૧) જે નિદ્રાવસ્થામાં છે, પ્રાજ્ઞ, પ્રજ્ઞાનો ઈશ્વર, **'તે'** છે મ, - ત્રીજો અક્ષર એની અમાપતા અને એની નિર્ણાયકતાને લઈને. જે **'તે'** ને તેની આ અમાપતાને લઈને જાણે છે, તે પોતાને અને વિશ્વને જાણી લે છે અને તે શાશ્વતીમાં પ્રયાણ કરી જાય છે.

(૧૨) ચતુર્થ છે અક્ષર રહિત, જેનો સંપર્ક સાધી શકાતો નથી, એ છે ઘટના માત્રનો અંત, એ છે શુભ, એક અને અદ્વિતીય, અને એ છે ૐ. **'તે'** જે જાણે છે એ છે **આત્મા** અને તે પોતાના આત્મા વડે આ **આત્મા** માં પ્રવેશ પામે છે, **'તે'** જે જાણે છે, **'તે'** જે જાણે છે.

(English Version by Sri Aurobindo)

(The Upanishads, Cent. ed. Vol, 12 pp. 289-91)

*

ॐ आनन्दमयि चैतन्यमयि सत्यमयि परमे



દર્શન

# સફળતાનો મંત્ર

શ્રદ્ધા માટે અભીપ્રસા કરવા ઉપરાંત હું તમારી પાસે શેની ઇચ્છા રાખું છું ? વારુ, પદ્ધતિમાં થોડી વ્યવસ્થા અને ખંત ! ફક્ત બે દિવસ માટે અભીપ્સા રાખીને પછી ખાડામાં ન પડશો, અને પૃથ્વીના ધરતીકંપના આદેશમાં ન સંડોવાશો અને શોપનહોર વાંચીને તે ઉપરાંત ગધેડાની વાત અને એવું બધું ન કરશો. પરમાત્માને મુક્ત રીતે કામ કરવા માટે થોડી તક આપો. જ્યારે તે તમારામાં કાંઈક પ્રકાશ આપે અથવા પ્રકાશ માટે તૈયારી કરે, ત્યારે એક નિરાશાનો ભીનો કામળો લાવીને આવશો નહિ અને તે બિચારી શિખા ઉપર તેને ફેંકશો નહિ. તમે એમ કહેશો ''તે તો ફક્ત મિણબત્તી સળગે છે – પરંતુ બીજું કાંઈ નથી !'' પરંતુ આ બાબતમાં માનવ મનનો, પ્રાણનો અને શરીરનો અંધકાર દૂર કરવો હોય, ત્યારે મિણબત્તી એક શરૂઆત છે – ત્યાર પછી બત્તી અને અને ત્યાર પછી સૂર્ય : પરંતુ શરૂઆતમાં જે આવે તેને એક ક્રમ પ્રમાણે સ્વીકારવી જોઈએ અને તેની હારમાળામાંથી નિરાશા, શંકા અને વિષાદના ટુકડાઓ કાપી ન કાઢશો. શરૂઆતમાં અને ઘણા લાંબા સમય સુધી અનુભૂતિઓ બહુ નાના પ્રમાણમાં આવે છે, અને વચ્ચે વચ્ચે ખાલી જગાઓ રહે છે – પરંતુ જો તેને તેની રીતે આવવા દેવામાં આવે તો ગાળાઓ ઓછા થતા જશે અને કવોન્ટમ સિદ્ધાંતને (Theory) બદલે આત્માનો ન્યૂટનવાળો સિદ્ધાંત લાગુ પડશે. પરંતુ તમે તેને કદી સાચી તક આપી નથી. જે ખાલી ગાળાઓ હતા તેમાં તમે શંકાઓના અને ઇનકારોના ટોળાબંધ તત્ત્વો ભરી દીધા છે અને તેથી કરીને કવોન્ટમ વિરલ બન્યો છે અને શરૂઆત એ શરૂઆત જ રહી ગઈ છે. તમે અન્ય મુશ્કેલીઓનો સામનો કરીને એને ફેંકી દીધી છે, પરંતુ આ મુશ્કેલીનું તમે ઘણા લાંબા સમય સુધી લાલન કર્યું છે અને તેથી તે મજબૂત બની છે – તેની સાથે ખંતપૂર્વક કામ લેવું જોઈએ. હું એમ નથી કહેતો કે કાંઈક વસ્તુ આવ્યા પહેલાં બધી જ શંકાઓ અદશ્ય થઈ જવી જોઈએ – એ વસ્તુ તો સાધનાને અશક્ય બનાવે, કારણ કે શંકા મનનો જીદ્દી હુમલાખોર દુશ્મન છે. હું એટલું જ કહું છું કે હુમલાખોરને તમારો સાથીદાર ન બનાવો, તેના માટે દ્વાર ખુલ્લું ન રાખો અને તેને હૂંફ આપવા માટે સગડી તૈયાર ન કરી આપો. તે ઉપરાંત તમારી પાસે આવતા પરમાત્માને પેલા નિરાશા અને વિષાદથી ભરેલા નિર્બળ ભીના કામળા વડે હાંકી ન મૂકો.

વધારે ગંભીરતાથી વાત કરીએ તો – એક વખત અને કાયમ માટે જે વસ્તુ કરવાની છે તેને સ્વીકારો. તે એકમાત્ર એવી વસ્તુ છે જે તમારે માટે અથવા પૃથ્વી માટે કરવાની છે. બહાર તો ધરતીકંપો અને હિટલરો રહેલા છે તથા એક ભગ્ન સંસ્કૃતિ છે અને સામાન્ય રીતે કહીએ તો પેલો ગધેડો અને નદીનું પૂર રહેલું છે.

તે વસ્તુ અઘરી છે અને માર્ગ લાંબો છે અને જે ઉત્સાહ પ્રાપ્ત થાય છે તે બિલકુલ ઓછો છે ? તો પછી શું ? તો પછી શા માટે તમારે એવી અપેક્ષા રાખવી જોઈએ કે તે વસ્તુ સહેલી

બને અથવા સફળતા ઝડપથી મળે અથવા બિલકુલ ન મળે ? મુશ્કેલીઓનો સામનો તો કરવાનો જ છે અને જેટલા આનંદથી તે બધી સ્વીકારવામાં આવે તેટલા પ્રમાણમાં વિજય વહેલો પ્રાપ્ત થશે. એક વસ્તુ કરવાની છે અને તે સફળતાનો મંત્ર, વિજય માટેનો નિશ્ચય અને મક્કમ નિર્ણય કે **''મારે તે વસ્તુ જોઈએ જ છીએ અને તે વસ્તુ મને પ્રાપ્ત થશે જ.''** તમને અશક્ય લાગે છે ? *અશક્યતા જેવી કોઈ વસ્તુ નથી - મુશ્કેલીઓ હોય છે, અને લાંબા ગાળાની હોય છે, પરંતુ કોઈ પણ વસ્તુ અશક્ય નથી.* જે વસ્તુ મક્કમ રહીને કરવાની છે તે હાલ અથવા ગમે ત્યારે પણ થશે જ - તે શક્ય બને છે. અંધકારમય વિષાદને હાંકી કાઢો અને તમારા યોગ વડે આગળ ધપો. જેમ જેમ અંધકાર અદૃશ્ય થતો જશે તેમ તેમ આંતરદ્વારો ખુલ્લાં થતાં જશે.

શ્રી અરવિન્દ

(યોગ વિશે પત્રો - ભાગ - ૨ પેજ ૧૩૫ અને ૧૩૬)

Savitri

the supreme revelation

of Sri Aurobindo's

vision.

# ૐ (આદિમંત્ર)

ૐ છે આદિ મંત્ર. હજારો વર્ષોએ એનો આત્મોદ્‌બોધન કરતો ધ્વનિ સાંભળ્યો છે ને દિગંતરોમાં એનો ધ્વનિ હજુય ગૂઢ ગાજ્યા કરે છે. પર્વતોની સ્વર્ગગામી ઊંચાઈઓ ઉપર શબ્દમયી પતાકા બની એ ફરફરતો રહ્યો છે; ગિરિઓની ગૂઢ ગુહાઓને એણે ધ્વનાવી-પ્રતિધ્વનાવી છે; ગહન વનોમાં એ વિહર્યો છે ને વૃક્ષોનાં પવિત્ર પર્ણોને એણે તાલ આપતાં બનાવ્યાં છે; ગંગા-યમુના, નર્મદા આદિ અનેકાનેક સરિતાઓનાં સલિલોની ઊર્મિઓએ એને આંદોલિત કર્યો છે.

માનવ આત્માનાં ઊંડાણોમાં એણે પાવનકારી પ્રવેશ કર્યો છે અને ત્યાં વિરાજમાન પરમાત્મજ્યોતિને એણે આરાધનાનાં અમર સ્તોત્રગાન સંભળાવ્યાં છે, યોગીઓને યોગનો આદેશ આપ્યો છે, મહાત્માઓને મહર્લોકનું માર્ગદર્શન કરાવ્યું છે, સંતોને સનાતનના સન્નામનો મહિમા સમજાવ્યો છે, તપસ્વીઓને તપસ્યાના આનંદનો અનુભવ કરાવ્યો છે, સાધારણ માણસનેય પારપારની સદ્‌વસ્તુનું ઓછુવત્તું ભાન કરાવ્યું છે.

ૐ છે પરમાત્માની વાણીનું એકાક્ષરી અક્ષર સ્વરૂપ, પરબ્રહ્મનું આવાહ્‌ન કરતું લયબદ્ધ સંગીત. પરાત્પરને પ્રત્યક્ષ બનાવવાનું અદ્‌ભુત સામર્થ્ય એનામાં રહેલું છે; ૐકાર વિશ્વરૂપના વિરાટ સ્વરૂપનાં દિવ્ય દર્શન કરાવે છે, અકાલને કાલમાં વ્યક્તરૂપધારી બનાવી એની નિકટતાને ગોચર બનાવે છે. મન જેનું મનન કર્યા છતાં જેને મનન પારનો જાણી મૌન ધારણ કરે છે ને વાણી જેનું વર્ણન કરવાનો મોઘ પ્રયત્ન કરી વિરમી જાય છે, તે ૐકાર, હૃદયના ભાવ જે ભગવાનને ભજે છે તેનાં દિવ્ય દર્શનનું વરદાન આપે છે ને શરીરને અલૌકિકના આલિંગનમાં લઈ રોમાંચિત બનાવી દે છે.

ૐમાં સકલ ભૂતસૃષ્ટિનો ક્યાંનો ક્યાં સમાવેશ થઈ જાય છે, ૐ છે, પ્રાણની પાર વગરની સૃષ્ટિનો નિઃસીમ નિલય; ૐમાં એક એકથી ઊર્ધ્વમાં આવેલાં સ્વર-લોકનાં ધામો મુક્ત વિહાર કરે છે; ૐ માં છે, કાલાકાલ પાર જે અજ્ઞેય તત્ છે તે સર્વનું સનાતન ધામ.

આપણે જેને અનંત નામે આરાધીએ છીએ, અનંતવિધ ચિન્તનો દ્વારા જેનું ચિન્તન કરીએ છીએ, ભાવો ને ભાવનાઓથી જેને ભજીએ છીએ, જેની અંદર સચરાચર સૃષ્ટિનું સુપુષ્પ સચ્ચિદાનંદની સુવાસ ફેલાવી રહ્યું છે, તે સર્વે છે ૐ માં, ૐ ના આવિર્ભાવ રૂપ.

ૐ નો આત્માશ્રય લઈ ૐકારમય બની ગયેલાને નમસ્કાર હો, નમસ્કાર હો !

**શ્રી પૂજાલાલ**

# વૃત્ત વિશેષ

૧૫ ઑગસ્ટ, શ્રી અરવિન્દના જન્મદિવસની ઉજવણી નિમિત્તે શ્રી અરવિન્દ નિવાસ, વડોદરા મુકામે સવારે ૧૦-૦૦થી ૧૦-૩૦ દરમિયાન સમાધિ આસપાસ સમૂહ ધ્યાન, સાંજે ૫-૦૦ વાગ્યે માર્ચ-પાસ્ટ તથા સાંજે ૬-૦૦ વાગ્યે ધ્યાનખંડોમાં સમૂહ ધ્યાનના કાર્યક્રમોનાં આયોજનો તથા **Service Tree** વિશેનાં લખાણો અને ચિત્રોના સુંદર પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર શ્રી અરવિન્દ નિવાસ પુષ્પો તેમજ પડદાઓની સુંદર ગોઠવણીથી સુશોભિત કરવામાં આવ્યું હતું. ચારસોપચાસથી વધુ અભીપ્સુઓએ દર્શન-દિવસના કાર્યક્રમોમાં હાજરી આપી શ્રી અરવિન્દ અને શ્રી માતાજીની સઘન સંનિધિની અનુભૂતિ કરી. દર્શનાર્થીઓને 'શ્રી અરવિન્દ અને શ્રીમાતાજીનું પ્રથમ દર્શન—ભાગ-૨' પુસ્તિકા વહેંચવામાં આવી હતી.

* * *

શ્રી અરવિન્દ સ્વાધ્યાય કેન્દ્ર, લુણાવાડા દ્વારા ગુરુપૂર્ણિમા પર્વની ઉજવણી કબીર આશ્રમના સત્સંગ હૉલમાં કરવામાં આવી. કાર્યક્રમમાં શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં પૂજન-અર્ચન તથા પ્રાર્થના અને કેન્દ્રના અધ્યક્ષ, ઉપાધ્યક્ષ તેમ જ અન્ય સાધકોનાં પ્રાસંગિક પ્રવચનો અને અંતે કાર્યક્રમના અધ્યક્ષ શ્રી પુરુષોત્તમદાસજી સાહેબના આશીર્વચનોનો સમાવેશ થયો. વક્તવ્યોનો સાર રહ્યો : '**ગુરુ કૃપા હી કૈવલમ્**'. કાર્યક્રમમાં પંચશીલ શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, શિક્ષકો, આશ્રમનાં બાળકો વગેરેએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો.

* * *

**'ૐપુરિ' મુકામે ગુજરાતનાં શ્રી અરવિન્દ કેન્દ્રોનું અર્ધવાર્ષિક સંમેલન** : તા. ૨૬.૭.૨૦૧૫ સવારે ૧૦.૦૦ વાગે ધ્વજવંદન બાદ સંમેલનની શરૂઆત થઈ. 'ૐપુરિ'ના અધ્યક્ષ શ્રી રમેશભાઈ ત્રિવેદીએ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું કે ગુજરાતનાં વિવિધ કેન્દ્રોમાંથી અભીપ્સુઓ ૐપુરિમાં આવતા થાય અને અહીંના વાતાવરણથી પરિચિત થાય એ હેતુસર આ અર્ધવાર્ષિક સંમેલન ૐપુરિમાં રાખવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો જેનો સહર્ષ સ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ ગુજરાત સ્ટેટ કમિટીના અધ્યક્ષશ્રી શરદભાઈએ કેન્દ્રોમાંથી પધારેલા પ્રતિનિધિઓને આવકાર આપતાં કહ્યું કે, ''સંમેલનો કેન્દ્રોની ગતિવિધિઓની પ્રગતિની આપ-લે માટે છે પણ તેથી વધુ અર્થસભર સંમેલન ત્યારે બને જ્યારે આપણી આંતરિક પ્રગતિ માટેનું વાતાવરણ પણ સંમેલનોમાં નિર્માણ થાય અને આપણે આંતરિક પ્રગતિની બાબતમાં પણ એકબીજાને સહાયરૂપ બનીએ.'' – આ તબક્કે તેમણે 'Auro Youth'ના નેજા હેઠળ યુવા પ્રવૃત્તિઓને વધુ વિકસાવવાના મુદ્દા ઉપર ભાર મૂક્યો. 'Auro Youth'ના ગુજરાતી પરિપત્રનું

વિતરણ આ પ્રસંગે કરવામાં આવ્યું.

ત્યારબાદ કેન્દ્રોના પ્રતિનિધિઓએ પોતપોતાનાં કેન્દ્રોની પ્રવૃત્તિઓનો ખ્યાલ આપ્યો જેમાં ગાંધીનગરની સર્વાંગી શિક્ષણ અંગેની પ્રવૃત્તિઓ, વડોદરાની આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી, સિદ્ધપુર કેન્દ્રની શૈક્ષણિક પ્રવૃત્તિઓ, ૐપુરિની શાળાની પ્રગતિનો અહેવાલ મુખ્ય છે. શ્રી સૂર્યકાન્ત વૈષ્ણવે **''સંમેલનો વિષય આધારિત હોવાં જોઈએ''** એવું સૂચન કર્યું. બપોર પછીના સત્રમાં સામાન્ય ચર્ચામાં કેન્દ્રોની સગવડ અને જરૂરિયાતો બાબતે વિશદ ચર્ચા થઈ, શ્રી અરવિન્દ ગ્રંથ પરિચય અભ્યાસવર્ગો બાબત પણ ચર્ચાઓ થઈ. અંતે સુ.શ્રી જ્યોતિબહેને પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે ''શ્રી અરવિન્દ ગ્રંથ પરિચય અભ્યાસ વર્ગ'' કોઈપણ સંજોગોમાં ચાલુ રાખવા જ જોઈએ, વધુમાં તેમણે જણાવ્યું કે દરેક સંમેલન વખતે જ આગામી સંમેલનના સમય સુધીમાં કેન્દ્રોમાં હાથ ધરવાની પ્રવૃત્તિઓનો ચિતાર પણ આપવો જોઈએ.''

અંતે શ્રી શરદભાઈ જોશીએ સુંદર વ્યવસ્થા માટે 'ૐપુરિ'ના સૌ કાર્યકરોનો આભાર માન્યો. શ્રી માતાજીના ધ્યાન સાથે સંમેલનની સમાપ્તિ થઈ. આશરે ૭૫ પ્રતિનિધિઓએ સંમેલનમાં હાજરી આપી. ***(અહેવાલ : શ્રી કૈલાશ જોશી)***

* * *

તા. ૩૧.૭.૨૦૧૫ને શુક્રવારના રોજ ગુરુ-પૂર્ણિમાના પાવન પર્વ નિમિત્તે જામનગર કેન્દ્ર પર નીચે મુજબના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. સવારે ૧૦થી ૧૦.૩૦ : સમાધિ સમીપ સમૂહધ્યાન. સાંજે ૭થી ૮.૩૦ પ્રાર્થના અને ભક્તિસંગીત. કેન્દ્રના વરિષ્ઠ સાધકમિત્ર અને જામનગરના સુપ્રસિદ્ધ સંગીતકાર શ્રી લક્ષ્મણભાઈ ગુંસાઈ દ્વારા તેમના સાથી કલાકારો સાથે શ્રી માતાજી અને શ્રી અરવિન્દની આરાધનારૂપે પ્રસંગને અનુરૂપ ભક્તિગીતો રજૂ કરવામાં આવ્યાં. શ્રી લક્ષ્મણભાઈએ આ કાર્યક્રમ માટે સ્વયંપ્રેરિત ખાસ રચનાઓ તૈયાર કરેલી જે ખૂબ અદ્‌ભુત અને ભાવવાહી હતી. શ્રી લક્ષ્મણભાઈ તથા તેમના સુપુત્ર દીપેન કેન્દ્રમાં વર્ષોથી અવારનવાર ભક્તિસંગીતના કાર્યક્રમો સેવાભાવે આપે છે. ગુરુપૂર્ણિમાના પવિત્ર દિને કેન્દ્રમાં વાતાવરણ ખૂબ જ ઘનિષ્ઠ અને દિવ્યતાસભર રહ્યું. સારી સંખ્યામાં સાધકોએ કાર્યક્રમોમાં ભાગ લીધો. ***(અહેવાલ : શ્રી બિપીન શનિશ્ચરા)***

* * *

તા. ૧૨ જુલાઈ રવિવારના રોજ ગાંધીનગર કેન્દ્રના સાધકો તેમજ જલારામ મહિલામંડળ ગાંધીનગરની બહેનો કુલ ૧૫ વ્યક્તિઓએ જંત્રાલ કેન્દ્રની મુલાકાત લીધી હતી અને કેન્દ્રની પ્રવૃત્તિઓ અંગે વિગતો મેળવી હતી. ગાંધીનગર કેન્દ્રના ડૉ. તન્નાએ જંત્રાલ કેન્દ્રના વિકાસ અંગે સૂચનો કર્યાં હતાં.

તા. ૪-૮-૨૦૧૫ને મંગળવારના રોજ જંત્રાલ કેન્દ્રના પરિસરમાં શ્રી મહીન્દ્ર ફાઈનાન્સ તરફથી વૃક્ષારોપણનો મહોત્સવ કરવામાં આવ્યો હતો. નજીકમાં આવેલ ભારત

સરકારના કૃષિ વિજ્ઞાન કેન્દ્રના અધિકારીઓ અને મહીન્દ્ર ફાઈનાન્સના અધિકારીઓ હાજર રહ્યા હતા. મહીન્દ્ર ફાઈનાન્સ તરફથી જુદી જુદી જાતનાં વૃક્ષોના છોડ ૨૦૦નંગ કેન્દ્રને ભેટ આપવામાં આવ્યા હતા. *(અહેવાલ : શ્રી સ્મિતા ભટ્ટ)*

* * *

શ્રી અરવિન્દ કેન્દ્ર ગાંધીનગર દ્વારા તા. ૯, ઑગસ્ટ, રવિવારે સવારે ૧૦-૦૦થી ૧૧-૩૦ દરમિયાન એક નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં ધો. ૯થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે વિષય હતો : **'અમને શ્રી અરવિન્દની વાત કહો.'** કૉલેજના વિદ્યાર્થીઓ તેમ જ વડીલો માટે વિષય હતો : **'શ્રી અરવિન્દનું માનવજાતિને પ્રદાન'** કુલ ૧૨૫ વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં ભાગ લીધો. દરેકને ઇનામો આપવામાં આવ્યાં.

* * *

## સાવિત્રીશબ્દામૃત-૫ – ભગવદર્પણ વિધિ

૧૫ ઑગસ્ટ, ૨૦૧૫ના રોજ સવારે ૧૦-૩૦ કલાકે શ્રી અરવિન્દ કેન્દ્ર, ગાંધીનગર મુકામે ઉપર્યુક્ત વિધિ સુ.શ્રી જ્યોતિબહેનના શુભહસ્તે આશરે ૧૦૦ સાધકોની હાજરીમાં સ્વસ્તિવાચનના મંત્રોના ઉદ્‌ઘોષ સહિત કરવામાં આવી. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી થઈ. કેન્દ્રના અધ્યક્ષ ડૉ. સી.કે.તન્નાએ સર્વે સાધકોને આવકાર આપતાં કેન્દ્રમાં થતી પ્રવૃત્તિઓનો સવિસ્તર અહેવાલ રજૂ કરી સાવિત્રીશબ્દામૃતશ્રેણીના પ્રકાશનકાર્યની મહત્તા સમજાવી સર્વેને આ કાર્યમાં સર્વ પ્રકારે સહયોગ સાધવા વિનંતી કરી. શ્રી કિરીટભાઈ ઠક્કરે ભાવાનુવાદના પોતાના કાર્યનો અનુભવ જણાવતાં શ્રી શ્રદ્ધાવાનની સમજાવવાની અનુપમ શૈલી વિશે વાત કરી તથા સાવિત્રી મહાકાવ્યની મહત્તા વિશે શ્રી માતાજીએ જે જણાવ્યું છે તેનો ઉલ્લેખ કરી મહાકાવ્યના પર્વ-૩ના ચારેય સર્ગોના વિષયવસ્તુ વિશે સુંદર રજૂઆત કરી. સુ.શ્રી જ્યોતિબહેન થાનકીએ સાવિત્રીશબ્દામૃતનું કાર્ય, ભાવાનુવાદનું કાર્ય અતિ સૂક્ષ્મ છે એમ જણાવી ડૉ. ગણેશ દેવીએ આ અનુવાદ કાર્યના પડકારોનો જે ઉલ્લેખ કર્યો છે તે સંદર્ભે શ્રી કિરીટભાઈના ભાવાનુવાદનું મૂલ્યાંકન કરી એમ પ્રતિપાદિત કર્યું કે ભાવાનુવાદ અતિ ઉત્તમ પ્રકારનો રહ્યો છે. યોગયુક્તા પ્રકાશનને આ અતિ મહત્ત્વનું કાર્ય કરવા બદલ બિરદાવી શ્રી જ્યોતિબહેને આ કાર્યની પૂર્ણતા માટે શ્રી અરવિન્દ અને શ્રી માતાજીને પ્રાર્થના કરી.

ત્યારબાદ કાર્યક્રમના બીજા તબક્કામાં સુ. શ્રી જ્યોતિબહેને શ્રી અરવિન્દનો રાષ્ટ્રવાદ અને સ્વતંત્રતા સંગ્રામમાં શ્રી અરવિન્દે કરેલા પ્રદાન વિશે ખૂબ જ અસરકારક રજૂઆત કરી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. વંદેમાતરમ્‌ના ગાન સાથે કાર્યક્રમ સમાપ્ત થયો હતો. કાર્યક્રમ બાદ સાવિત્રીશબ્દામૃતના પાંચેય ભાગોનું વેચાણ કાર્ય થયું અને સર્વે સાધકોએ બપોરનું ભોજન (પ્રસાદ) ગ્રહણ કર્યું. કેન્દ્ર ઉપર ૧૫મી ઑગસ્ટ નિમિત્તે સવારે ૯થી ૯-૪૫ સમૂહ ધ્યાન તથા સાંજે કેન્દ્ર દ્વારા સાંસ્કૃતિક પ્રવૃત્તિના ભાગ રૂપે સરકારી વાણિજ્ય કૉલેજના સાંસ્કૃતિક હૉલ

(સેક્ટર-૧૫)માં કથક નૃત્ય, ભારત નાટ્યમ, રાષ્ટ્રગીતો તથા સુગમ સંગીતના કાર્યક્રમોની અતિ સુંદર રજૂઆત અનુક્રમે ગાર્ગી પસારી ઠક્કર કલાવૃંદ, જયદીપા રાજ્યગુરુ કલાવૃંદ, શ્રી અરવિન્દ વોરા કલાવૃંદ તથા શ્રી પિનાકીન વ્યાસ કલાવૃંદ દ્વારા કરવામાં આવી હતી. ગાંધીનગરના ૩૦૦ ઉપરાંત નગરજનોએ આ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લીધો. સાંસ્કૃતિક કાર્યક્રમ બાદ શ્રી અરવિન્દ કેન્દ્ર ગાંધીનગર ખાતે કળાકારો અને મહેમાનો માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

* * *

## નવાં પ્રકાશનો

**સાવિત્રી શબ્દામૃત-૫ : શ્રદ્ધાવાન : ભાવાનુવાદ : કિરીટ ઠક્કર : પ્રકાશક :** યોગયુક્તા પ્રકાશન ઈ-૧૦૨, ચંદ્રનગર કોલોની, સુવર્ણલક્ષ્મી એપાર્ટમેન્ટ પાસે, વાઘોડિયા રોડ, વડોદરા-૩૯૦ ૦૧૯, ફોન : (૦૨૬૫) ૨૫૧૦૦૩૮ E-Mail : kirityukta@yahoo.co.in. પૃષ્ઠ સંખ્યા : ૩૮૮+૨૦ = ૪૦૮. સારા મેપલીથો કાગળ ઉપર ઉત્કૃષ્ટ છાપકામ, આર્ટ કાર્ડ ઉપર ચારરંગી અદ્‌ભુત મુખપૃષ્ઠ. મુખપૃષ્ઠ ઉપર આશ્રમ કળાકાર શ્રી પ્રીતિઘોષે દોરેલું અનુપમ ચિત્ર. સુઘડ બાંધણી. પુસ્તકની કિંમત રૂા. ૧૨૦/- શ્રી અરવિન્દ કેન્દ્રોને યોગ્ય વળતર આપવામાં આવશે. પ્રસ્તુત પુસ્તકમાં શ્રી અરવિન્દ રચિત મહાકાવ્ય સાવિત્રીના પર્વ-૩ : ભગવતી માતાનું પર્વના ચારેય સર્ગ, મૂળ અંગ્રેજી, શ્રી પૂજાલાલનું પદ્ય ભાષાંતર તથા મૂળના સાવિત્રીનું સ્વતંત્ર ગદ્ય ભાષાંતર તથા શ્રી શ્રદ્ધાવાનજીએ કરેલ પંક્તિએ પંક્તિના પ્રકાશપૂર્ણ અંગ્રેજી વિવરણનો ભાવાનુવાદ સમાવાયો છે. આપણો એ જાતઅનુભવ છે કે 'સાવિત્રી'નું પર્વ-૩ : ભગવતી માતાનું પર્વ સર્વ સાવિત્રીપ્રેમીઓનું પણ પસંદગીનું પર્વ બની રહ્યું છે. ભગવતી માતાની આરાધનાની કેટલીક પંક્તિઓને કંઠસ્થ કરી આપણે સૌ દરરોજ એનું ગાન કરતાં રહીએ છીએ. સમગ્ર પર્વનું શ્રી શ્રદ્ધાવાને કરેલું વિવરણ સાચે જ અતિ સુંદર છે ! સાવિત્રીપ્રેમી સાધકોએ અચૂક વાંચવા જેવું અતિ સુંદર પ્રકાશન.

* * *

**૨. સમર્પણ : લે. અને પ્રકાશક : આશાબહેન કેશુભાઈ વળિયા :** 'જયાનંદ' સોમનાથ મહાદેવ પાસે, જૂની પોલિટેકનિક પાસે, ડૉ. વિક્રમ સારાભાઈ માર્ગ, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ - ફોન - ૦૭૯-૨૬૪૪૨૯૮૮ પૃષ્ઠ સંખ્યા : ૩૦૩. સારા કાગળ ઉપર મોટા અક્ષરોમાં સુંદર છાપકામ, ચારરંગી મુખપૃષ્ઠ. આશ્રમકળાકાર શ્રી કૃષ્ણલાલ ભટ્ટના અનુપમ ચિત્રો મુખપૃષ્ઠ ૧ ને ૪ ઉપર આર્ટ કાર્ડ ઉપર છાપવામાં આવ્યાં છે. *"એક જિજ્ઞાસુની જિજ્ઞાસા, આરતને પ્રભુ તરફથી સાંપડતા પ્રસાદરૂપ ડાયરીનાં પાનાં આ પુસ્તકનું વિષય વસ્તુ છે"* આશાબહેને પોતાની અંતરયાત્રા દરમિયાન શ્રી માતાજીને પૂછેલા પ્રશ્નો અને શ્રી માતાજીએ એ

પ્રશ્નોના આપેલા જવાબોની નિખાલસ, સરળ, હૃદયસ્પર્શી અને વંચનારહિત રજૂઆત સત્સંગી સાધકોને સહાયક નીવડે એવા શુભાશયથી પ્રેરાઈને કરી છે. સમર્પણભાવે લખાયેલ પુસ્તકનું શીર્ષક ‘સમર્પણ’ સર્વથા યોગ્ય છે. અધ્યાત્મ સાહિત્યમાં નિષ્ઠાવાન સાધકની આ પ્રકારની આંતર કથાને આલેખતાં લખાણો પ્રકટ થતાં રહે એ ઈષ્ટ છે.

* * *

**Yoga of King Aswapathy : Dr. G. N. Narayana Reddy.** Summaries of canto 3 to 5 of Book one and all cantos of Book Two and Three of Sri Aurobindo's epic : Savitri. Published by : Savitri Foundation, 10, Jorbagh, New Delhi-110 003 Ph : 011-43001448. E-Mail : info@savitri.in Pages 173 + 12 = 185. Price : Rs. 250/- summaries seen and corrected by Shri R. Y. Deshpande.

* * *

**IN AWARENESS :** Sundaram : Sri Aurobindo Krupa Trust, Mangalya Prakashan, 87, Swastik Society, Navarangpura, Ahmedabad-380 009. Pages : 450 1/8 Demisize, hard bound volume. Excellent Printing on good quality Maplitho Paper. Sundaramji's enchanting photograph on Main Title. Price Rs. 400=00.

> *"A thought, a feeling, a vision, an experience emerges in Sundaram's inner being, crystalises in minimum significant words. ... This is a collection of these compact expressions, revealing how Sundaram is aware, ..."*

Book obtainable from SABDA, Gujarati Sahitya Parishad, Ashram Marg, Ahmedabad and the Publisher.

* * *

**FIRST DARSHAN OF LORD SRI AUROBINDO - PART - II** Compilation by : Narendra Patel (Baroda) Published by : Shri Narendra Thakkar "Harmony" 29-32 Gandhipark Society, Harni Road, Baroda, Gujarat - 390 022 : Contact Mob. : 09824275707. 1/8 Damisize, Pages 60. Title - Four colour Darshan Photograph on Art Paper. Excellent Printing.wonderful compilation of short writings (experiences) of stalwart sadhaks, with appropriate photographs. Interested persons may cantat publisher for obtaining this book-let.

* * *

**શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનું પ્રથમ દર્શન - ભાગ-૨**

ઉપર્યુક્ત અંગ્રેજી પુસ્તકની ગુજરાતી આવૃત્તિ પણ એ જ પ્રકાશક દ્વારા પ્રકાશિત કરવામાં આવી છે. સંકલિત લખાણોનાં સંદર્ભો પણ બંને પુસ્તિકાઓમાં છેલ્લે પાને આપવામાં આવ્યા છે. પુસ્તિકા પ્રાપ્તિ માટે પ્રકાશકનો સંપર્ક કરવો. અતિ સુંદર સંકલન.

* * *

**15th August The Celebration of Lord Sri Aurobindo's Birth Day.**

by same Publisher. Compilation by Shri Narendra Patel. Pages-32. Title on Art Paper - Four Colour Photograph of Lord, Excellent Printing. The booklet "includes narration of events related to The Celebration of the Birthday of Lord Sri Aurobindo." compilation is effective.

* * *

ઉપર્યુક્ત અંગ્રેજી પુસ્તિકાનું ગુજરાતી ભાષાંતર પણ પ્રકાશકે પ્રસિદ્ધ કર્યું છે : ૧૫ ઑગસ્ટ, શ્રી અરવિન્દના જન્મદિવસની ઉજવણી. પૃષ્ઠ સંખ્યા : ૩૨. અતિ સુંદર છાપકામ, સુઘડ બાંધણી. બધી પુસ્તિકાઓ એકી બેઠકે વાંચી જવા જેવી સ-રસ અને અસરકારક છે. પ્રાપ્તિ માટે પ્રકાશક તથા શ્રી નરેન્દ્ર પટેલનો સંપર્ક કરો : મો. ૯૪૨૭૦૩૪૫૩૬.

* * *

**વિહંગાવલોકન : ફૂલોનાં આધ્યાત્મિક રહસ્યો : શ્રી માતાજી :**

શ્રી અરવિન્દ આશ્રમ, પોંડિચેરી દ્વારા પ્રકાશિત 'The Spiritul Significances of Flowers' નો ગુજરાતી અનુવાદ. સાથે રંગીન ફૂલોનાં ચિત્રો પણ સારા આર્ટ પેપર ઉપર છાપવામાં આવ્યાં છે. મૂળ અંગ્રેજી પુસ્તકનું ભારતની અન્ય કોઈ ભાષામાં ભાષાંતર થયું હોય એવું આપણી જાણમાં નથી. ગુજરાતી ભાષામાં થયેલું આ પ્રથમ ભાષાંતર છે અને ચાર રંગમાં એકસાથે ૮૯૬ ઉપરાંત પુષ્પોની છબી (Plates) સહિતનું પણ આ કદાચ પ્રથમ ગુજરાતી પુસ્તક છે. પુસ્તકની પ્રસ્તાવનામાં સંયોજક શ્રી બી.એલ. પરમાર યથાર્થ રીતે નોંધે છે : **'આ કાર્ય શ્રી માતાજીની કૃપાથી જ શક્ય બન્યું છે.'** સાચે જ, શ્રી માતાજીની કૃપાનો આ ચમત્કાર છે કે બી.એલ. પરમાર જેવા, પ્રકાશનકાર્યના બિનઅનુભવી પાત્ર આવું અપ્રતિમ, અજોડ કાર્ય સંપન્ન કરી શક્યા છે ! પુસ્તકનું છાપકામ, બાંધણી, પ્રત્યેક પૃષ્ઠની સજાવટ, છબીઓની ગોઠવણી; બધું જ અદ્‌ભુત ! મૂળ અંગ્રેજી લખાણોનું ગુજરાતી ભાષાંતર શ્રીમતી શીતલ દેસાઈએ કર્યું છે. શ્રીમતી જયશ્રીબહેન પંડ્યા, ચેરપર્સન, શ્રી અરવિન્દ કેન્દ્ર, ઘંટિયાડા, વડોદરાના સૌજન્યથી, શ્રી બી. એલ. પરમાર, સંયોજક અને પ્રકાશકે આ અતિસુંદર, અદ્‌ભુત પુસ્તકનું પ્રકાશન કર્યું છે. પુસ્તકની છપામણીની મૂળ કિંમત પ્રતિ પ્રત રૂા. ૧૨૦૦/- થઈ છે અને એ જ કિંમતે પુસ્તકનું વેચાણ કરવાનું પ્રકાશકે નક્કી કર્યું છે. આશા છે આવા અનુપમ કાર્યને શ્રી માતાજીના

ભક્તોનો અનુપમ પ્રતિભાવ સાંપડશે. પુસ્તક પ્રાપ્તિ માટે સંપર્ક : શ્રી બી.એલ. પરમાર, ૯, ચંદ્રાવતી સોસાયટી, વાઘેશ્વરી સોસાયટી પાસે, આનંદ માર્ગ, વડોદરા - ૩૯૦ ૦૧૮. મો. : ૦૯૪૨૬૩૨૧૬૬૫. *કિરીટ ઠક્કર*

* * *

**સાભાર સ્વીકાર**

**૧) વિમલવાણી : અગમની સરવાણી -** (શ્રી વિમલાબહેન ઠકારના વિશેષ સંદર્ભ સાથે) **કાર્તિકેય ભટ્ટ.** પ્રકાશક : ઈમેજ પબ્લિકેશન્સ પ્રા. લિ. 1-2 અપર લેવર, સેન્ચૂરી બજાર, આંબાવાડી સર્કલ, આંબાવાડી, અમદાવાદ ૩૮૦ ૦૦૬. ફોન : (૦૭૯) ૨૬૪૪૨૮૩૬. પૃષ્ઠ : ૨૧૦+૦૬=૨૧૬. સારા કાગળ ઉપર સુંદર છાપકામ, રંગબેરંગી મુખપૃષ્ઠ અને સુઘડ બાંધણી. 'One who really meets never parts'. 'ટોચનાં બૌદ્ધિક, પરમજ્ઞાની, આધ્યાત્મિક નેતા તરીકે પંકાયેલાં, જીવનપ્રેમી સુ.શ્રી વિમલાબહેન ઠકારની આ પ્રકારની વિમલવાણી પર આધારિત આ પુસ્તક સર્વે જિજ્ઞાસુઓએ અવશ્ય વાંચવું જોઈએ. પ્રાપ્તિસ્થાન : પ્રકાશક. મૂલ્ય રૂા. ૨૦૦/-.

**૨) ચાલો, આપણે જીવન જીવી જાણીએ ! -** (શ્રીકૃષ્ણ ગોવિન્દ હરે મુરારે, હે નાથ નારાયણ વાસુદેવ) સંકલન - લેખન - સંપાદન : **સૌ નયના ગિ. સોલંકી.** પ્રકાશન : સંસ્કૃતિ પ્રકાશન મંદિર, ૧૩, સપના અપાર્ટમેન્ટ, સ.ન. ૨૦/૧, પુણ્યાઈ નગર, ધન કવડી, પુણે - ૪૧૧ ૪૦૩. website : www.sanskutiprakashan - પૃષ્ઠ સંખ્યા : ૩૩૮+૧૨=૩૫૦. પુસ્તકમાં પ્રાર્થના, પ્રેરણાદાયી આદર્શવિચારો, તથા પૂ. મહાત્મા ગાંધીજીના વિચારોનું સંકલન કરવામાં આવ્યું છે. સુંદર ચાર રંગનું મુખપૃષ્ઠ અને સુઘડ બાંધણી સહિતના આ પુસ્તકનું મૂલ્ય છે. રૂા. ૩૦૦/- પ્રાપ્તિ માટે પ્રકાશકનો સંપર્ક કરવો.

* * *

**શ્રી અરવિન્દના મહાકાવ્ય સાવિત્રીનો સિન્ધી ભાષાને સ્પર્શ :-**

સાવિત્રી મહાકાવ્ય ઉપર વિશ્વની અનેક ભાષાઓમાં અનેક પ્રકારના ગ્રંથો રચાયેલા છે. હવે 'સાવિત્રી' વધુ એક ભાષાને પોતાનો સ્પર્શ આપે છે અને તે ભાષા છે સિન્ધી. આ નૂતન સંસ્કરણમાં 'સાવિત્રી'નાં પર્વો/સર્ગોનો સાર રૂપે અનુવાદ થયેલો છે. 'સાવિત્રી'ના નૂતન સ્વરૂપનું સ્વાગત છે.

આ કાર્ય અમરાવતી (મહારાષ્ટ્ર)ના ડૉ. એક.કે.પુન્શી દ્વારા કરવામાં આવ્યું છે. તેઓ વ્યવસાયે ચર્મરોગ નિષ્ણાત છે અને હિન્દી, સિન્ધી, અરબી અને ઉર્દૂ ભાષાના સારા જાણકાર છે. આ પ્રકાશનની તમામ નકલો સિન્ધી ભાષા અકાદમી, ન્યુ દિલ્હી દ્વારા ખરીદી લેવામાં આવી છે અને દેશની તમામ સિન્ધી સાહિત્ય સંસ્થાઓમાં તેનું વિતરણ કરવામાં આવેલું છે. રસ ધરાવનાર અભીપ્સુઓએ નજીકની સિન્ધી સાહિત્ય સંસ્થાનો સંપર્ક કરવો.

વધુ વિગત માટે (M) 09850344540 ઉપર ડૉ. એસ.કે. પુન્શીનો સંપર્ક કરવા વિનંતી છે.

* * *

## શ્રી જ્યોતિબહેન થાનકીનું સન્માન

શ્રી જ્યોતિબહેન થાનકીને ૧૧ ઑગસ્ટ, ૨૦૧૫ના દિવસે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલના શુભ હસ્તે Life Time Achievement Awardથી સન્માનિત કરવામાં આવ્યાં. શ્રી જ્યોતિબહેનનું આ સન્માન તેઓશ્રીના શિક્ષણક્ષેત્રમાંના, સાહિત્યક્ષેત્રમાંના, આધ્યાત્મિક ક્ષેત્રમાંના તેમ જ Childern University (તપોવન)ના કાર્યમાંના પ્રદાન બદલ કરવામાં આવ્યું હતું. શ્રી જ્યોતિબહેનને ગુજરાતના શ્રી અરવિન્દ પરિવાર વતી અભિનંદન અને ખૂબ ખૂબ શુભેચ્છાઓ.

* * *

## અગત્યની જાહેરાત

આગામી નવેમ્બર-૨૦૧૫ના દર્શન દિવસો માટે પણ 'સમર્પણ' યાત્રી ભવન, પૉંડિચેરીમાં રહેવાની વ્યવસ્થાનું **સંચાલન શ્રી અરવિન્દ સોસાયટી, શ્રી અરવિન્દ નિવાસ વડોદરાથી કરવામાં આવશે** જેની સર્વે સંબંધકર્તાઓએ નોંધ લેવા વિનંતી છે. આ માટે web site : www.aurogujarat.com અથવા www.auronivas.org ઉપરથી અરજીપત્રક મેળવી, તેમાં જણાવેલી તમામ વિગતો ભરી તે અરજીપત્રક શ્રી અરવિન્દ સોસાયટી, શ્રી અરવિન્દ નિવાસ, દાંડિયા બજાર, વડોદરા-૩૯૦૦૦૧ ઉપર મોકલી આપવા વિનંતી છે.

* * *

યોગની શ્રુતિમાં જ્યારે ગહને મંત્ર ઊતરે,
અંધ મસ્તિષ્કને ત્યારે કરી ક્ષુબ્ધ એનો સન્દેશ જાય ત્યાં
ને અંધારા અને અજ્ઞ કોષોમાં એ રાખે છે એહનો ધ્વનિ;
શ્રોતા સમજતો એક શબ્દરચિત રૂપને
ને નિર્દેશક એનામાં જે વિચાર તેના ધ્યાનમહીં રહી
મથતા મનના દ્વારા કરે યત્ન એ એને અવબોધવા,
પરંતુ સૂચનો માત્ર એને ઉજ્જવળ આવતાં,
પામતો એ ન એનામાં મૂર્ત થયેલ સત્યને :

પછી પોતા મહીં એને પામવાને મૌન એ સેવતો, અને
શ્રુતિનો ચૈત્ય – આત્માની ભેટો એને થતો ભીતરની મહીં
છંદોલયે ભર્યા સૂરે શબ્દ કેરો ધ્વનિ આવૃત્તિ પામતો :
વિચાર દૃષ્ટિ ને ભાવ અને ઇન્દ્રિય ચેતના,
ને સત્તા દેહની જાતાં ઝલાઈ ત્યાં અનિવાર્ય પ્રકારથી,
ને મનુષ્ય સહે એક સંમુદા ને અમર્ત્ય પરિવર્તન,
સંવેદે એ બૃહદ ભાવ અને એક શક્તિરૂપ બની જતો,
સમુદ્ર સમ આવે છે સર્વ જ્ઞાન એની ઉપર ઉમટી :
હર્ષ ને શાંતિના નગ્ન સ્વર્ગોમાં એ સંચરે પલટાયલો
શુભ્ર અધ્યાત્મ રશ્મિએ,
પ્રભુનું મુખ એ જોતો, સુણતો એ પાર કેરી સરસ્વતી :

શ્રી અરવિન્દ

અનુ. શ્રી પૂજાલાલ

(વર્ષ ૦૧ : અંક ૦૯)

RNI NO GUJGUJ/2015/60353
P. R. NO VDR(E)/338/2015-2017

વાર્ષિક લવાજમ ₹ ૧૮૦ - છૂટક અંક : ₹ ૧૫

શ્રી અરવિન્દ સોસાયટી, પોંડિચેરીની માસિક પત્રિકા

છૂટક અંકની કિંમત ₹ ૧૫-૦૦

વાર્ષિક લવાજમ ભારતમાં ₹ ૧૮૦

વિદેશ માટે-હવાઈ માર્ગે

અમેરિકન ડોલર ૨૫ વાર્ષિક

દરિયાઈ માર્ગે, અમેરિકન ડોલર ૧૫

© શ્રી અરવિન્દ આશ્રમ ટ્રસ્ટ, પોંડિચેરી-૬૦૫ ૦૦૨

પ્રકાશક :

શ્રી શરદચંદ્ર એમ. જોશી, અધ્યક્ષ,

શ્રી અરવિન્દ સોસાયટી, શ્રી અરવિન્દ નિવાસ,

દાંડિયા બજાર, વડોદરા-૩૯૦ ૦૦૧

ફોન નં. (૦૨૬૫) ૨૪૧૨૬૮૫

E-mail : sasvadodara@aurosociety.org

વેબસાઈટ : www.auronivas.org

*

મુદ્રણસ્થાન : કૈલાસ પ્રિન્ટરી, ડી-૧૨, સરદાર એસ્ટેટ,

આજવા રોડ, વડોદરા. ફોન નં. ૨૫૧૩૪૭૩ મો.૯૮૭૯૦૦૬૦૯૦

E-mail : vishal6090@gmail.com

*

તંત્રી : શ્રી કિરીટકુમાર ઇન્દ્રવદન ઠક્કર

**Published and Printed by Shri Sharadchandra M. Joshi,**
**on behalf of Sri Aurobindo Society, Vadodara**
**Published at Sri Aurobindo Nivas, Dandia Bazar, Vadodara-390001.**
**Printed at Kailas Printery D/12, Sardar Estate, Ajwa Road, Vadodara.**
**Editor : Shri Kirit Indravadan Thakkar.**